

P.07

ઓરીએ સારા વિશે ભદ્દી મજાક કરતાં બંનેની દોસ્તીમાં તિરાડ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

દિશા પટાણી તલવિંદર સાથેના સંબંધોની પરોક્ષ ઘોષણા કરી



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૭૦ । વિક્રમ સંવત ૨૦૮૨ : મહા સુદ ૦૯ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 170 • Dt.29-01-2026 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ભારત અને ઈયુની ટ્રેડ ડીલથી બાંગ્લાદેશની મુશ્કેલી વધી । અબજોના વેપાર સામે સર્જાશે પડકાર

07




29

JANUARY- 2026

THURSDAY




07

બરફનું અભૂતપૂર્વ તોફાન : અડધું અમેરિકા બાનમાંડ । અમેરિકા કુદરતના કેર સામે લાચાર





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


### રાજ્યમાં ચાલી રહેલી 'એસઆઇઆર'ની મહત્ત્વની કામગીરીને ધ્યાનમાં રાખીને

# ગુજરાતની સહકારી મંડળીઓની ચૂંટણી આગામી ૬ મહિના સ્થગિત

## કામગીરીમાં મહેસૂલી તંત્ર વ્યસ્ત હોવાથી સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું હાલના તબક્કે મુશ્કેલ છે । આથી, વહીવટી સરળતા ખાતર આ નિર્ણય લેવામાં આવ્યો

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્યમાં ચાલી રહેલી 'એસઆઈઆર'ની મહત્ત્વની કામગીરીને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા સહકારી ક્ષેત્રને લઈને એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. રાજ્યની તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીઓ આગામી છ માસ સુધી યોજવામાંથી મુક્તિ આપવામાં આવી છે.સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં એસઆઈઆરની અત્યંત મહત્ત્વની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં મહેસૂલી તંત્ર વ્યસ્ત હોવાથી સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું હાલના તબક્કે મુશ્કેલ છે. આથી, વહીવટી સરળતા ખાતર આ નિર્ણય લેવામાં આવ્યો છે.જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬ મહિના સુધી.ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલી સત્તાનો ઉપ યોગ કરીને, કલમ-૭૪(ગ) અને કલમ-૧૪૫(ક) થી (વ) ની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.એવી તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓ જેની ચૂંટણી પ્રક્રિયા હાલ ચાલુ છે અથવા આગામી સમયમાં યોજાવાની હતી.જે સહકારી મંડળીઓની ચૂંટણી પ્રક્રિયા કોઈ ન્યાયિક હુકમ અથવા કોર્ટના ચુકાદા અંતર્ગત હાથ ધરવામાં આવી રહી હોય, તેવી મંડળીઓને આ મુક્તિ લાગુ પડશે નહીં.



### નિર્ણયથી રાજ્યના સહકારી માળખામાં અને ચૂંટણીની તૈયારી કરી રહેલા ઉમેદવારોમાં મોટી અસર

આ નિર્ણયથી રાજ્યના સહકારી માળખામાં અને ચૂંટણીની તૈયારી કરી રહેલા ઉમેદવારોમાં મોટી અસર જોવા મળશે. મહેસૂલી તંત્ર હવે સંપૂર્ણપણે એસઆઇઆરની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. રાજ્યમાં ચાલી રહેલી 'એસઆઇઆર'ની મહત્ત્વની કામગીરીને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા સહકારી ક્ષેત્રને લઈને એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. રાજ્યની તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીઓ આગામી છ માસ સુધી યોજવામાંથી મુક્તિ આપવામાં આવી છે.સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં એસઆઇઆરની અત્યંત મહત્ત્વની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં મહેસૂલી તંત્ર વ્યસ્ત હોવાથી સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું હાલના તબક્કે મુશ્કેલ છે. આથી, વહીવટી સરળતા ખાતર આ નિર્ણય લેવામાં આવ્યો છે.જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬ મહિના સુધી.ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, કલમ-૭૪(ગ) અને કલમ-૧૪૫(ક) થી (વ) ની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.એવી તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓ જેની ચૂંટણી પ્રક્રિયા હાલ ચાલુ છે અથવા આગામી સમયમાં યોજાવાની હતી.

### સૂર્યોદય પહેલા જ આવકવેરા વિભાગની ટીમો હરકતમાં આવી

# સુરતમાં આઇટીના દરોડા : ગજેરા પરિવારના લક્ષ્મી ડાયમંડ - મહાકાલ ગ્રૂપના ૨૦થી વધુ સ્થળે તપાસ

## ઉદ્યોગપતિઓના રહેણાક મકાનો, ઓફિસો અને રિયલ એસ્ટેટના સાઈટ પ્રોજેક્ટ્સ સહિત અનેક સ્થળોએ ટીમો દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી

। પ્રતિનિધિ, સુરત, તા.૨૮ ।

ડાયમંડ સિટી સુરતમાં બુધવારે (૨૮મી જાન્યુઆરી) વહેલી સવારથી આવકવેરા વિભાગે લાલ આંખ કરી છે. શહેરના નામાંકિત ઉદ્યોગપતિઓ અને રિયલ એસ્ટેટ ગ્રૂપના ઠેકાણાઓ પર આઈટી વિભાગની DDI વિંગ દ્વારા વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં જાણીતા ગજેરા પરિવારની માલિકીના લક્ષ્મી ડાયમંડ ગ્રૂપ અને મહાકાલ ગ્રૂપ સહિતના ભાગીદારો તપાસના ઘેરામાં છે.મળતી માહિતી અનુસાર, બુધવારે (૨૮મી જાન્યુઆરી, ૨૦૨૬) સૂર્યોદય પહેલા જ આવકવેરા વિભાગની ટીમો હરકતમાં આવી હતી. તપાસમાં આઈટી વિભાગના ૧૫૦થી વધુ અધિકારીઓ જોડાયા છે. ઉદ્યોગપતિઓના રહેણાક મકાનો, ઓફિસો અને રિયલ એસ્ટેટના સાઈટ પ્રોજેક્ટ્સ સહિત અનેક સ્થળોએ ટીમો દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે.



આઈટી વિભાગના આ દરોડામાં સુરતના અનેક મોટા માથાની પણ તપાસ થઈ રહી છે. ડાયમંડ, રિયલ એસ્ટેટ અને શિક્ષણ ક્ષેત્રે મોટું નામ ધરાવતા ગજેરા પરિવારના લક્ષ્મી ગ્રૂપ પર તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં અનિલ બગદાણા અને તેમના ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. અનિલ બગદાણાના ભાગીદાર તરુણ ભગત અને પ્રવિણ ભૂત પર પણ આઈટી વિભાગે સકંજો કસ્યો છે.

ગજેરા પરિવાર જેવી મોટી હસ્તીઓ પર આઈટીના દરોડા પડતા જ સુરતના હીરા બજાર અને બિલ્ડર લોબીમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. અનેક વેપારીઓએ પોતાના નાણાકીય વ્યવહારો અને ઓફિસોમાં તકેદારી રાખવાનું શરૂ કરી દીધું છે.

### મીંગલપુર ગામ નજીક બાઈક સ્લીપ થઈ જતા યુવાનનું મોત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૮ ।

સુરતથી મિત્રો બાઈક લઈને સાળંગપુર દર્શન કરી મીંગલપુર ગામે આવેલા મેલડી માતાજીના મંદિરે દર્શન કરવા જતા હતા ત્યારે એ મિત્રનું બાઈક સ્લીપ થઈ જતા ગંભીર ઈજા થતા તેમનું મોત નિપજ્યું હતું.બરવાળા તાલુકાના નાવડા ગામના વતની અને હાલ સુરત ખાતે રહેતા પાર્થભાઈ લાભુભાઈ કાસોદીયા અને મિત્રો જીતભાઈ બાબુલાલ દેવરા તથા વૈભવભાઈ મનોજભાઈ કાનોલકર તથા ઉમકભાઈ લાલજીભાઈ સુમરા તથા અભિષેકભાઈ જનકભાઈ અંકલેશ્વરીયા તથા સાજનભાઈ ઘનશ્યામભાઈ ગજ્જર તથા સુનિતભાઈ પ્રહલાદભાઈ ચૌધરી તથા આદિત્યભાઈ દેવેંદ્રભાઈ પરિહાર તમામ મોટરસાયકલ લઈને સુરતથી સાળંગપુર ખાતે આવ્યા હતા.

### રોપ-વે સંચાલક કંપનીએ યાત્રાળુઓની સલામતીને સર્વોપરી રાખીને આ સાવચેતીનું પગલું ભર્યું

# ભારે પવનની ગતિ અસામાન્ય રીતે વધી જતાં રોપ-વે સેવા બંધ કરાઈ, વાતાવરણ સામાન્ય થયા બાદ ફરી શરૂ કરાશે

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૨૮ ।

જૂનાગઢ સ્થિત સુપ્રસિદ્ધ ગિરનાર પર્વત પર(૨૮ જાન્યુઆરી) પવનની ગતિ અસામાન્ય રીતે વધી જતાં રોપ-વે સેવા અનિશ્ચિત સમય સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોપ-વે સંચાલક કંપનીએ યાત્રાળુઓની સલામતીને સર્વોપરી રાખીને આ સાવચેતીનું પગલું ભર્યું છે.વાતાવરણમાં પલટો અને ડુંગર પર ફૂંકાતા ભારે પવનની સ્થિતિમાં રોપ-વેનું સંચાલન જોખમી બની શકે તેમ છે. એવામાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તેથી તેને ટાળવા માટે વહીવટી તંત્રના સમર્થનથી રોપ-વે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. રોપ-વેના સંચાલકોએ સ્પષ્ટ



કર્યું છે કે, પવનની ગતિમાં ઘટાડો થયા બાદ અને વાતાવરણ સામાન્ય બન્યા પછી જ સેવા ફરી શરૂ કરવામાં આવશે.રોપ-વે સેવા બંધ થવાને કારણે મોટી સંખ્યામાં આવેલા યાત્રાળુઓને અસુવિધાનો સામનો કરવો પડશે. કેટલાક યાત્રિકો રોપ-વે ટિકિટ બારીએ પહોંચ્યા બાદ સેવા બંધ હોવાની જાણકારી મળતાં પરત ફર્યા હતા. આમ, ભારે પવનની સ્થિતિને લઈને યાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા રોપ-વે સેવા હાલ પૂરતી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

### રૂ.૧૮,૧૭૦ સાથે ઝડપાયા

## નડિયાદના બાવરા ગામની સીમમાંથી જુગાર રમતા ૫ ઝડપાયા



। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૮ ।

બાવરા ગામની સીમમાં બુલેટ ટ્રેન નજીક ખેતરમાંથી પત્તાપાનાનો જુગાર રમતા પાંચ શખ્સો રોકડ રકમ રૂ.૧૮,૧૭૦ સાથે ઝડપાયા હતા. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે ઝડપાયેલા શખ્સો સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.ખેડા ટાઉન પોલીસ તા.૨૫મીની સાંજે પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાવરા ગામની સીમમાં બુલેટ ટ્રેન નજીક ખુલ્લા ખેતરમાં જુગાર રમાતો હોવાની મળેલ બાતમી આધારે ખેડા ટાઉન પોલીસે રેડ પાડતા પત્તા પાનાનો હારજીતનો જુગાર રમતા શખ્સો પ્રતાપસિંહ ઉર્ફે જેણાભાઈ જુવાનસિંહ જાદવ, નરેશભાઈ મણીભાઈ ડાભી, લાલાભાઈ સમાભાઈ ભીખાભાઈ રાણા, ગલાબસંગ ઉર્ફે ગલાબભાઈ શીવાભાઈ ચૌહાણ તેમજ જુવાનસિંહ ઉર્ફે ટીનો પુનમભાઈ સોઢા પરમારને જુગારના સાહિત્ય તેમજ રોકડ રકમ રૂ.૧૮,૧૭૦ સાથે ઝડપી પાડયા હતા. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.બાવરા ગામની સીમમાં બુલેટ ટ્રેન નજીક ખેતરમાંથી પત્તાપાનાનો જુગાર રમતા પાંચ શખ્સો રોકડ રકમ રૂ.૧૮,૧૭૦ સાથે ઝડપાયા હતા.

### આણંદ જિલ્લામાં અકસ્માત વધ્યા

# આણંદના એપીસી સર્કલ અને ખંભાતના બામણવા નજીક અકસ્માત : ૨ ના મોત

। પ્રતિનિધિ, આણંદ, તા.૨૮ ।

આણંદ જિલ્લામાં વીતેલા દિવસો દરમિયાન માર્ગ અકસ્માતના બે બનાવમાં બે વ્યક્તિઓના મોત થયા હતા. શહેરના એપીસી સર્કલ નજીક અને ખંભાત તાલુકાના બામણવા ગામ નજીક સર્જાયેલા અકસ્માતમાં બે વ્યક્તિના મૃત્યુ થતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આણંદ શહેરના વિદ્યાનગર રોડ ઉપર આવેલા એપીસી સર્કલ નજીક સોમવાર સાંજના સુમારે ૮૦ ફૂટ રોડ તરફથી પુરપાટ ઝડપે આવી ચડેલા એક ડમ્પરના ચાલકે અજાણ્યા યુવકને અડફેટે લેતા અજાણ્યો યુવક ડમ્પરના પાછળના ટાયર નીચે આવી જતા શરીરે ગંભીર ઈજાઓ થવાના કારણે આસપાસના સ્થાનિકો ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા અને ગંભીર રીતે ગવાયેલ અજાણ્યા યુવકને તુરંત જ સારવાર અર્થે આણંદની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન અજાણ્યા ૩૫થી ૪૦ વર્ષના યુવકનું કરુણ મોત થયું હતું. આ બનાવ અંગે આણંદ શહેર પોલીસે ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




અકસ્માતના બીજા બનાવમાં પેટલાદ શહેરના ખોડીયાર માતાની ભાગોળ વિસ્તારમાં રહેતા પ્રવીણભાઈ મણીભાઈ પ્રજાપતિ ના મોટાભાઈ દિલીપભાઈ ગત રવિવારના રોજ પોતાના બાઈક ઉપર પત્ની જયશ્રીબેન ને લઈને ખંભાત ખાતે લગ્ન પ્રસંગમાં ગયા હતા સાંજના સુમારે ૫૨ વર્ષીય દિલીપભાઈ પ્રજાપતિ ખંભાતથી બાઈક ઉપર પરત આવવા નીકળ્યા હતા. દરમિયાન ખંભાતથી ધર્મજ જતા હાઈવે ઉપર આવેલ બામણવા ગામ નજીક આગળ જઈ રહેલ એક ટ્રેક્ટરની ટ્રોલી પાછળ બાઈક ધડાકા ભેર ઘૂસી જતા દિલીપભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું કરુણ મોત થયું હતું.

જ્યારે પત્ની જયશ્રીબેનને વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### નેચર એજ્યુકેશન કેમ્પથી જાગૃતિનો પ્રયાસ | 33 જાતના પ્રાણી, ૧૫૨ જાતના પક્ષીઓની હાજરીથી માહોલ જીવંત બન્યો, પ્રવાસીઓમાં આનંદ

# દસાડા-ધ્રાંગધ્રાંને અડીને આવેલા નાના રણમાં વિદેશી પક્ષીઓનું આગમન

। પ્રતિનિધિ, ધ્રાંગધ્રા, તા.૨૮ ।

શિયાળાની ઋતુ જામતા કચ્છના નાના રણ તેમજ ધ્રાંગધ્રાના રણકાંઠા વિસ્તારમાં વિદેશી પક્ષીઓનું આગમન શરૂ થયું છે. યુરોપ સહિતના દેશોમાં પડતી કડકડતી ઠંડી અને બરફવર્ષાના કારણે હજારો કિલોમીટરનું અંતર કાપીને સ્થળાંતર કરનારા અનેક જાતના પક્ષીઓ અહીં મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. અંદાજે ૪૯૫૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું કચ્છનું નાનું રણ શિયાળામાં પક્ષીપ્રેમીઓ માટે સ્વર્ગ સમાન બની જાય છે.

હાલ ફ્લેમિંગો, સ્પૂન બિલ, કુંજ, ટિલોર, પેરિગ્રીન ફાલ્કન, રણ ચકલી, નાઈટ જાર



સહિતના અનેક દુર્લભ સહિત ૧૫૨ જેટલાં આકર્ષક પક્ષીઓ જોવા મળે છે. અનુકૂળ હવામાન, પૂરતો ખોરાક અને સલામત વસવાટના કારણે આ પક્ષીઓ ચાર મહિના જેટલો સમય અહીં રોકાય છે. વિદેશી પક્ષીઓના આગમનથી રાજ્ય તેમજ દેશ-વિદેશમાંથી પર્યટકોની મોટી ભીડ ઉમટી રહી છે અને પક્ષી દર્શન ખાસ આકર્ષણ બન્યું છે.

કચ્છના નાના રણમાં એશિયામાં ક્યાંય જોવા ન મળતા દુર્લભ ઘુડખર પ્રાણી જોવા મળે છે. છેલ્લે ૨૦૨૪માં હાથ ધરાયેલી ગણતરી મુજબ ઘુડખરોનીની વસ્તીમાં પાંચ વર્ષમાં ૨૬ ટકા વધારો નોંધાઈને ૭૬૭૨એ પહોંચી હતી. આ વિસ્તારમાં ઘુડખર ઉપરાંત ઝરખ, વરૂ, રણલોંકડી, કાળીયાર, સસલા, ચિંકારા, નિલગાય, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ સહીત ૩૩ જાતના વન્ય પ્રાણીઓ પણ જોવા મળે છે.રણ વિસ્તાર અને વન્યજીવન અંગે જાગૃતિ લાવવા ધ્રાંગધ્રા ઘુડખર અભયારણ્ય દ્વારા નિઃશુલ્ક નેચર એજ્યુકેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બજાણા રેન્જના ટૂંડી ટાવર તથા ધ્રાંગધ્રા રેન્જના જેસડા વિસ્તારમાં યોજાયેલા આ કેમ્પમાં એક મહિના દરમિયાન આશરે ૪૦ શિબિરો યોજાઈ હતી. સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓને વન્ય પ્રાણી, પક્ષીઓ, વૃક્ષોની ઓળખ, પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિકથી થતા નુકસાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિયાળાની ઋતુ જામતા કચ્છના નાના રણ તેમજ ધ્રાંગધ્રાના રણકાંઠા વિસ્તારમાં વિદેશી પક્ષીઓનું આગમન શરૂ થયું છે.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


### એરપોર્ટ સિક્યુરિટીએ નોંધાવી ફરિયાદ

# અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ઈ-મેઇલથી ધમકી

**ખાલિસ્તાની વિચારધારા ધરાવતા તત્ત્વો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હોવાની આશંકા વચ્ચે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી**

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૮ |

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. ૨૭મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મળેલી આ ધમકીને પગલે એરપોર્ટ અને પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. ખાલિસ્તાની વિચારધારા ધરાવતા તત્ત્વો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હોવાની આશંકા વચ્ચે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે અને સમગ્ર કેમ્પસમાં સુરક્ષા બંદોબસ્ત ચુસ્ત કરી દેવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, આ ધમકી એક અજાણ્યા ઈ-મેઈલ આઈડી aldurham420@gmail.com (Amber Durham) પરથી મોકલવામાં આવી હતી. આ મેઈલ એરપોર્ટના સત્તાવાર ઈ-મેઈલ આઈડી dtm.amd@adani.com તેમજ અન્ય ફીડબેક આઈડી પર ૨૭મી જાન્યુઆરીના રોજ સવારે ૧૧.૦૫ વાગ્યે મળ્યો હતો. ઈ-મેઈલના સબ્જેક્ટમાં 'BOMB Blast luggage Section' લખેલું હતું. મેસેજમાં જણાવાયું હતું કે, 'અમદાવાદ એરપોર્ટ ટાર્ગેટ પર છે. શીખો હિન્દુ નથી અને મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન છે.' આ સાથે જ એરપોર્ટને ગંભીર પરિણામો ભોગવવાની ચીમકી પણ આપવામાં




આવી હતી.ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં જ એરપોર્ટના ચીફ સિક્યોરિટી ઓફિસર અને અદાણી ગ્રૂપના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સવારે ૧૧.૨૦ વાગ્યે 'બોમ્બ થ્રેટ એસેસમેન્ટ કમિટી'ની ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી. અંદાજે અડધા કલાક સુધી ચાલેલી આ બેઠકમાં તમામ ચકાસણી કરવામાં આવી હતી. અંતે, કમિટીએ આ ધમકીને 'નોન-સ્પેસિફિક' જાહેર કરી હતી, છતાં સાવચેતીના ભાગરૂપે ચેકિંગ સઘન બનાવવામાં આવ્યું હતું.આ મામલે અમદાવાદ એરપોર્ટના લેન્ડ સાઈડ સિક્યોરિટી ડ્યુટી મેનેજર રવિકાન્ત ભારદ્વાજે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈટી એક્ટ અને ગુનાહિત ધમકીની કલમો હેઠળ ગુનો નોંધી ઈ-મેઈલ કરનારનું લોકેશન ટ્રેસ કરવા સાયબર સેલની મદદ લીધી છે. આ કેસમાં પવનસિંગ ચૌહાણ અને અશોક રણવા જેવા અધિકારીઓની સાક્ષી તરીકે પૂછપરછ કરવામાં આવી રહી છે.

## સુરેન્દ્રનગરમાં નવા સકટ હાઉસ પાસે દુકાનમાં આગ લાગી

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૮ |

સુરેન્દ્રનગર જીલ્લામાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે ત્યારે શહેરના નવા સકટ હાઉસ પાસે આવેલ એક જનરલ સ્ટોરની દુકાનમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. સુરેન્દ્રનગર-મુળી રોડ પર આવેલ નવા સકટ હાઉસ પાસે રીંકી જનરલ સ્ટોર નામની દુકાનમાં અચાનક આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી. આગમાં સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ બન્યો નહોતો પરંતુ જનરલ સ્ટોરમાં રહેલ ખાણી પીણી સહિતની ચીજ વસ્તુઓ બળીને ખાખ થઈ જતા મોટાપાયે નુક્શાન પહોંચ્યું હતુ. આ બનાવની જાણ થતા લોકોના ટોળે ટોળા સ્થળ પર ઉમટી પડયા હતા.જ્યારે પ્રાથમિક તપાસમાં શોટ સકટના કારણે આગ લાગી હોવાનું હાલ અનુમાન સેવાઈ રહ્યું છે.

## મોતીસર-કાદેસર તળાવના આરાની ૧૫ દિવસમાં સફાઈ ન થતાં રેલીની ચીમકી

| પ્રતિનિધિ, લખતર, તા.૨૮ |

લખતર ગામના પ્રજાવત્સલ રાજવીઓ દ્વારા નિમત ઐતિહાસિક મોતીસર અને કાદેસર તળાવ હાલ તંત્રની ઘોર ઉપેક્ષાનો શિકાર બન્યું છે. તળાવના આરા અને ઘાટ પર સાફ-સફાઈના અભાવે કચરો અને 'ડીલો' નામનું જોખમી ઘાસ ઉગી નીકળ્યું છે. અનેક રજૂઆતો છતાં પરિણામ ન મળતા, ગામની જાગૃત મહિલાઓએ મુખ્ય બજારના ગાંધી ચોકમાં વિરોધ દર્શાવતા બોર્ડ લગાવી તંત્ર સામે પોતાનો ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છેતળાવના ઘાટ પર ઉગી નીકળેલા ઘાસને કારણે કપડાં ધોવા આવતી મહિલાઓમાં ઝેરી જીવજંતુ કરડી જવાનો સતત ભય રહે છે. બીજી તરફ, ગામમાં નખાયેલી કરોડોની પાઈપલાઈનમાં લીકેજ હોવાથી ઘરે પાણી પહોંચતું નથી, જેના કારણે મહિલાઓને મજબૂરીમાં તળાવે આવવું પડે છે. સફાઈ ન થતા મહિલાઓની હાલત કફોડી બની છે.મહિલાઓએ તંત્રને અલ્ટીમેટમ આપતા જણાવ્યું છે કે જો આગામી ૧૫ દિવસમાં નહાવા-ધોવાના ઘાટની સફાઈ કરવામાં નહીં આવે.

## કારમાં વધારે ડિસ્કાઉન્ટ આપવાના બહાને વાળુકડના યુવાન સાથે છેતરપિંડી

| પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૮ |

વાળુકડ ગામે રહેતા યુવાન સાથે શખ્સે નવી કાર વધારે ડિસ્કાઉન્ટ દેવાના બહાના હેઠળ વિશ્વાસ કેળવી રૂ.૫.૮૫ લાખની છેતરપિંડી આચરી હતી.ઘોઘા તાલુકાના વાળુકડ ગામે રહેતા સંદીપભાઈ તુલસીભાઈ મકવાણાને કારની ખરીદી કરવી હોય દિવાળી પહેલા સંદીપભાઈ અને તેના મિત્ર જયદેવભાઈ ડોડીયા તથા સંજયભાઈ બારોલીયા તથા સંદીપભાઈના પુત્ર હિતભાઈ ચિત્રા ભાવનગર ખાતે કંપનીના શોરૂમમાં આવ્યા હતા.અને કંપનીના કર્મચારી વિષુભાઈ પઢિયારે કાર બતાવી રૂ. ૭,૯૫,૦૦૦ ની કિંમત જણાવી હતી.અને ડિસ્કાઉન્ટ આપવાની વાત કરતા વિશુભાઈએ જણાવેલ કે મેહુલ સુરેન્દ્રભાઈ ભટ્ટને મળી લો તે વધારે ડિસ્કાઉન્ટ કરી આપશે તેમ કહેતા સંદીપભાઈ મેહુલને મળી વાતચીત કરતા મેહુલ રૂ.૭,૮૫,૦૦૦ ની કિમત કરી આપી હતી.અને મેહુલે જણાવેલ કે રૂ.૮૫,૦૦૦ ભરીને બુકિંગ કરાવી બાકીના રકમના ચેક લખી આપવાની વાત કહી હતી.પરતુ સંદીપભાઈ પાસે હાલ રોકડા રૂપિયા નહોય ત્યારે મેહુલે જણાવ્યું હતું કે,રૂપિયાની સગવડ કરો એટલે હું આવીને લઈ જઈશ તેમ જણાવ્યું હતું.દરમિયાનમાં સંદીપભાઈએ ગત તા.૨૦ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મિત્રની પાનની દુકાન પાસે રૂ.૩૫,૦૦૦ રોકડા આપ્યા હતા. અને મેહુલે કંપનીની બુકમાંથી સ્લીપ આપી હતી.અને બાદમાં રૂ.૧ લાખ આપ્યા હતા.અને બેન્કનો રૂ.૬ લાખનો ચેક લખી આપ્યો હતો. ચેક બાઉન્સ થયાં હોવાના બહાના કરી મેહુલ ભટ્ટએ રૂ.૫,૮૫,૦૦૦ બરોબર પોતાની પાસે મેળવી કંપનીમાં જમા નહીં કરાવી કાર નહીં આપી છેતરપિંડી આચરી હતી.

### ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન રાજ્યભરમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી

# શાળા સલામતી સપ્તાહ અંતર્ગત અમદાવાદની સરકારી શાળાઓમાં આપત્તિ જાગૃતિ - તાલીમ કાર્યક્રમનું આયોજન

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૮ |

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર દ્વારા દર વર્ષે સમગ્ર ગુજરાત રાજ્યમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન રાજ્યભરમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.આ ઉજવણીના ભાગરૂપે અમદાવાદ શહેરની કુલ ૭૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં આપત્તિ નિવારણ અને સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફાયર વિભાગ, ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સેવા, રેડ ક્રોસ તથા સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (જીઢઈહ્ર)ના નિષ્ણાત કર્મચારીઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને તાલીમ



આપવામાં આવશે.આ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને ભૂકંપ, આગ, પૂર જેવી વિવિધ આપત્તિઓ સમયે લેવાય તેવા સલામતીના પગલાં, એનિમલ બાઈટ અંગે જરૂરી સમજ, આગ લાગ્યાના સમયે અપનાવવાની કાર્યવાહી તેમજ પ્રાથમિક સારવાર અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શાળાના વિદ્યાર્થીઓમાં આપત્તિ સમયે સચેતતા અને જાતસુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો છે.

શાળા સલામતી સપ્તાહ અંતર્ગત યોજાનાર આ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ આપત્તિ સમયે યોગ્ય પ્રતિભાવ આપી શકે તે માટે સક્ષમ બનશે તેમજ ભવિષ્યમાં પરિવાર અને સમાજ માટે પણ સલામતી અંગે જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર દ્વારા દર વર્ષે સમગ્ર ગુજરાત રાજ્યમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન રાજ્યભરમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.આ ઉજવણીના ભાગરૂપે અમદાવાદ શહેરની કુલ ૭૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં આપત્તિ નિવારણ અને સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફાયર વિભાગ, ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સેવા, રેડ ક્રોસ તથા સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના નિષ્ણાત કર્મચારીઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે.

## સુરેન્દ્રનગરમાં ટ્રકના ચોર ખાનામાંથી એક કરોડનો દારૂ જપ્ત

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૮ |

રાજ્યમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ એક મોટી સફળતા મેળવી છે. અમદાવાદ-કચ્છ હાઈવે પર ધ્રાંગધ્રા તાલુકાના ચુલી ગામ નજીક એક હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ટ્રકમાંથી પોલીસે અંદાજે ૧.૦૭ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.મળતી માહિતી અનુસાર, એલસીબી પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચુલી ગામ પાસે આવેલી હોટલ પર દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં શંકાસ્પદ હાલતમાં ઉભેલી ટ્રકની તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તસ્કરોએ પોલીસથી બચવા માટે ટ્રકમાં ચોરખાનું બનાવ્યું હતું. આ ગુપ્ત ખાનામાંથી પોલીસે ઈંગ્લીશ દારૂની કુલ ૨૫,૪૪૦ બોટલો કબજે કરી. જપ્ત કરાયેલા દારૂની કિંમત આશરે ૮૭.૫૬ લાખ રૂપિયા થાય છે. ટ્રક અને અન્ય સામાન મળી કુલ ૧.૦૭ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.જ્યારે પણ જિલ્લાની એલસીબી (એલસીબી) ટીમ સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાં આટલો મોટો દારૂનો જથ્થો ઝડપી પાડે છે, ત્યારે સ્થાનિક પોલીસની કાર્યક્ષમતા સામે સવાલો ઊઠતા હોય છે. ધ્રાંગધ્રા તાલુકા પોલીસની હદમાં હાઈવે પર આટલી મોટી હેરાફેરી થઈ રહી હતી અને સ્થાનિક પોલીસ અજાણ હતી.

## સાયલા-ચોટીલા હાઈવે પર જાનૈયાઓની બસ ટ્રકની પાછળ ઘૂસી, ૨૪ લોકો ઈજાગ્રસ્ત

| પ્રતિનિધિ, સાયલા, તા.૨૮ |

સાયલા-ચોટીલા હાઈવે પર (૨૬મી જાન્યુઆરી) વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. સુરતથી જામકંડોરણા જઈ રહેલા જાનૈયાઓ ભરેલી લક્ઝરી બસ સાયલાના ગોસળ બોર્ડ નજીક ઉભેલી ટ્રકની પાછળ ધડાકાભેર અથડાતા ૨૪ જેટલા જાનૈયાઓ ઈજાગ્રસ્ત થયા હતા. લગ્ન પ્રસંગના હરખ વચ્ચે સર્જાયેલા આ અકસ્માતને પગલે ચીસાચીસ મચી ગઈ હતી.મળતી માહિતી અનુસાર, સુરતથી જાનૈયાઓને લઈને એક લક્ઝરી બસ જામકંડોરણાના વિમલનગર ખાતે જઈ રહી હતી. બસ જ્યારે સાયલાના ગોસળ બોર્ડ નજીક પહોંચી ત્યારે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ આગળ જઈ રહેલી અથવા ઉભેલી ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર ઘૂસી ગઈ હતી. બસનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતની જાણ થતા જ આસપાસના વિસ્તારમાંથી પાંચ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. એમ્બ્યુલન્સ દ્વારા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સાયલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ સાયલા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે હાઈવે પર જામ થયેલા ટ્રાફિકને હળવો કરી વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં મદદરૂપ બન્યા હતા.




### ક્લોરિન ડોઝર વગરનાં ૧૫ વોટર સપ્લાયર્સનાં એકમો સીલ

# અમદાવાદમાં પાણીજન્ય રોગોની અટકાયત માટે એએમસી આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી

## પાણીજન્ય રોગોનાં નિયંત્રણ માટે પાણીપુરીની લારીઓ પાસેથી એએમસી એ રૂ. ૧,૧૭,૧૫૦નો દંડ વસૂલ્યો





। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં પાણીજન્ય રોગો જેવાં કે ઝાડા-ઉલ્ટી, કમળો, ટાઈફોઈડ, કોલેરા વગેરેની અટકાયત તથા નિયંત્રણ માટે સતત અને વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગયા વર્ષની તુલનામાં ચાલુ વર્ષે શહેરના વિવિધ ઝોનમાં પાણીજન્ય રોગોના કેસોમાં વધારો નોંધાતા, આરોગ્ય વિભાગ દ્વારા હાઈ રિસ્ક વિસ્તારો ઓળખી તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં પાણી શુદ્ધિકરણની કામગીરી મજબૂત બનાવવા, પાણી પુરીની લારીમાં, કિરાણા સ્ટોર અને પાર્લરમાં ક્લોરિનની ગોળીઓનું વિતરણ, નાગરિકોમાં જાગૃતિ ફેલાવવા માટેનાં મેડિકલ કેમ્પ, જનજાગૃતિનાં કાર્યક્રમો તેમજ પત્રિકાઓ વિતરણ વગેરે જેવી કામગીરી કરવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વીકલી રિવ્યૂ મિટીંગમાં મ્યુનિસિપલ કમિશનરની સૂચનાથી શહેરના તમામ ઝોનમાં વોટર જગ સપ્લાયર્સને ફરજીયાતપણે ક્લોરિન ડોઝર ઈન્સ્ટોલ કરવાની ફરજ પાડવા માટેની કામગીરી કરાઈ છે. આ કામગીરીનો મુખ્ય હેતુ નાગરિકોને ક્લોરિનયુક્ત પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ અંતર્ગત એ.એમ.સી.ના વિવિધ ઝોનમાં વોટર જગ સપ્લાયર દ્વારા ક્લોરિન ડોઝર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. જેમાં સાત ઝોન મળીને કુલ ૧૯૪ જેટલા વોટર સપ્લાયર્સનાં એકમો છે, જેમાંથી ૧૭૯ જેટલા એકમો દ્વારા ક્લોરિન ડોઝર ઈન્સ્ટોલ કરમાં આવ્યાં છે. જ્યારે ૧૫ જેટલા સપ્લાયર્સે ક્લોરિન ડોઝર ઈન્સ્ટોલ ન કરતાં તેમને સીલ કરી દેવાયા છે.

આ સાત ઝોનમાંથી મધ્ય ઝોનમાં કુલ ૧૨ સપ્લાયર્સમાંથી ૧૧એ ક્લોરિન ડોઝર ઈન્સ્ટોલ કર્યુ છે, જ્યારે ૧ સપ્લાયરને સીલ કરાયા છે. તો પૂર્વ ઝોનમાં ૩૨ અને ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૨૨ સપ્લાયર્સે ક્લોરિન ડોઝર ઈન્સ્ટોલ કર્યા છે. તેમજ ઉત્તર ઝોનમાં કુલ ૨૫ માંથી ૬ને સીલ કરી બંધ કરાયા અને ૧૯ એ આ ડોઝર ઈન્સ્ટોલ કરીને કામગીરી ચાલુ રાખી છે, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૨૨ માંથી ૩ને સીલ કર્યા અને ૧૯માં ક્લોરિન ડોઝર ઈન્સ્ટોલ થઇ ચૂક્યાં છે. ચાલુ છે, દક્ષિણ ઝોનમાં કુલ ૭૦ માંથી ૫ને સીલ કરી બંધ કર્યા અને ૬૫માં ડોઝર ઈન્સ્ટોલ થયાં છે. તથા પશ્ચિમ ઝોનમાં કુલ ૧૦ સપ્લાયર્સે ક્લોરિનનાં ડોઝર ઈન્સ્ટોલ કર્યા છે.

છેલ્લા એક મહિનામાં એ.એમ.સી.ના ચાર ઝોનમાં આવેલ ૨૬ હાઈ રિસ્ક વિસ્તારોમાંથી કમ્પલેઈન નંબર ૧૫૫૩૦૩ પર મળેલ ઓનલાઈન ફરિયાદોમાં ડ્રેનેજ ચોકિંગની ૧૧૧૪, વોટર લીકેજની ૩૭ તથા વોટર પોલ્યુશનની ૨૫ ફરિયાદોનો સમાવેશ થાય છે. આ તમામ ફરિયાદોના ઝડપી નિવારણ માટે એન્જિનિયરિંગ વિભાગ અને આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્ત રીતે કામગીરી કરવામાં આવી રહી છે, જેથી પાણીજન્ય રોગોમાં ઘટાડો લાવી શકાય.

પાણી પુરીની લારીઓમાં પાણીજન્ય રોગોની અટકાયત માટે આરોગ્ય વિભાગે એસ્ટેટ વિભાગ અને ફૂડ વિભાગની મદદથી તારીખ ૬ જાન્યુઆરી ૨૦૨૬થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન વિશેષ અભિયાન હાથ ધર્યું હતું.

### મેરેથોનની ૧૩મી આવૃત્તિ આગામી તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાનારી

# વડોદરા શહેરની ઇન્ટરનેશનલ મેરેથોન પૂર્વે સ્વયંસેવકોને સીપીઆરની તાલીમ અપાઈ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૮ ।

વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનની ૧૩મી આવૃત્તિ આગામી તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાનારી છે. જાહેર આરોગ્ય પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને વધુ અર્થપૂર્ણ અને અસરકારક બનાવવા મેરેથોનના આયોજનના ભાગરૂપે પૂર્વ તૈયારી હેઠળ સ્વયંસેવકોને કાર્ડિયો પલ્મોનરી રિસસિટેશન (સીપીઆર)ની તાલીમ આપવામાં આવી હતી. મેરેથોનના ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી કરતા કુલ ૫૫ સ્વયંસેવકો (ફ્રન્ટ રનર્સ)ને કમ્પ્રેશન ઓનલી લાઈફ સપોર્ટ સીપીઆરની વિશેષ તાલીમ અપાઈ હતી.

આ તાલીમ વડોદરા સ્થિત જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, ગોત્રીના એનેસ્થેસિયા વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવી હતી.યુવાન વર્ગમાં અચાનક હૃદય સંબંધિત ઘટનાઓમાં વધારાને ધ્યાનમાં રાખીને આ પહેલ હાથ ધરવામાં આવી છે. વિશ્વસ્તરીય રિસસિટેશન માર્ગદર્શિકાઓ મુજબ હોસ્પિટલની બહાર થતી મોટાભાગની હૃદય બંધ થવાની ઘટનાઓ નોન-હોસ્પિટલ પરિસ્થિતિમાં થાય છે અને આવી સ્થિતિમાં તરત આપવામાં આવતી બાયસ્ટેન્ડર સીપીઆર જીવ બચવાની સંભાવનાઓમાં નોંધપાત્ર વધારો કરે છે. વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનની ૧૩મી આવૃત્તિ આગામી તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાનારી છે.

## વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખના નવા નામ માટે કવાયત, ફરી પાંચ ધારાસભ્યોએ એકતા બતાવી


। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૮ ।

વડોદરા જિલ્લા ભાજપના નવા પ્રમુખની નિયુક્તિ માટે પ્રદેશ ભાજપ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે રસિકભાઈ પ્રજાપતિની વરણી કરાયા બાદ તેઓને પ્રદેશ ભાજપની સમિતિમાં ઉપાધ્યક્ષનો હોદ્દો આપવામાં આવ્યો હતો. જેથી એક વ્યક્તિ એક હોદ્દા પ્રમાણે વડોદરા જિલ્લાના પ્રમુખ તરીકે નવા નામની ચર્ચા ચાલી રહી છે. દરમિયાનમાં ભાજપના ત્રણ નિરીક્ષકો આજે આજવારોડ ખાતેના સરકારી ગેસ્ટ હાઉસમાં આવી પહોંચ્યા હતા અને સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી. આ દરમિયાન ફરી એકવાર પાંચ ધારાસભ્યો એક સાથે આવીને પોતાની એકતા બતાવી હતી. પાંચ ધારાસભ્ય સૂચવે તે પ્રમુખ બની શકે તેમ પણ કાર્યકરો માની રહ્યા છે. વડોદરા જિલ્લા ભાજપના નવા પ્રમુખની નિયુક્તિ માટે પ્રદેશ ભાજપ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે રસિકભાઈ પ્રજાપતિની વરણી કરાયા બાદ તેઓને પ્રદેશ ભાજપની સમિતિમાં ઉપાધ્યક્ષનો હોદ્દો આપવામાં આવ્યો હતો.

## યુવતીએ તમાચો માર્યો તો પ્રેમીના મિત્રોએ હત્યા કરી નાંખી, ગણતરીના કલાકોમાં ઝડપાયા

। પ્રતિનિધિ, સુરત, તા.૨૮ ।

જિલ્લાના ઓલપાડ તાલુકાના પરીઆ ગામના ગૌચર વિસ્તારમાં ચોથી ઓક્ટોબરના રોજ એક અજાણી મહિલાની ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી હતી. આ ગંભીર ગુનાને સુરત જિલ્લા પોલીસે ઉકેલી નાંખીને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. ગત ચોથી ઓક્ટોબરના રોજ સવારે પરીઆ ગામના ગૌચર વિસ્તારમાંથી આશરે ૨૫ વર્ષની એક અજાણી મહિલાની લાશ મળી આવી હતી. અજાણ્યા ઈસમોએ તિક્ષ્ણ હથિયારથી મહિલાના ગળાના ભાગે ઘા મારી ગળું કાપી નાખ્યું હતું. આ સાથે તેના બંને હાથના કાંડા કાપી નાખ્યા હતા અને પેટના તથા થાપાના ભાગે ઘા મારી તેની હત્યા કરી હતી. આ મામલે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ખૂનનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળની આસપાસના સી.સી. ટી.વી. ફૂટેજ અને ગુનાવાળી જગ્યા પરથી મળી આવેલા બિલિમોરાની મેંગુશી જનરલ હોસ્પિટલના બિલના આધારે તપાસની દિશા નક્કી કરી. આના પરથી મૃતક મહિલાની ઓળખ સોનલ રાઠોડ (રહે. બારડોલી) તરીકે થઈ હતી.પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, સોનલ રાઠોડ છ મહિના પહેલા પોતાના પતિને છોડીને શોયેબ ઉર્ફે બોબડો ઈશાક શેખ (રહે. બારડોલી) નામના ઈસમ સાથે રહેતી હતી. આ બંને વચ્ચે પ્રેમ સંબંધ પાંગર્યો હતો. શોયેબ ચોરી કરવાની ટેવવાળો હતો અને જેલમાં હતો જ્યાં તેની ઓળખાણ ચોરી અને ઘરફોડના ગુનામાં સંડોવાયેલા વલ્લભ ઉર્ફે અનવર ભીખાભાઈ વસાવા (રહે. મિસરાડ, કરજણ, વડોદરા) સાથે થઈ હતી. જેલમાંથી છૂટ્યા બાદ શોયેબ અને સોનલ વલ્લભના ઘરે રહેવા ગયા હતા. ત્યારબાદ આ ત્રણેય સાથે રાહુલ ઉર્ફે કાળિયો ફુલચંદ યાદવ (રહે. રખડતો ભટકતો, યુ.પી. વતન) પણ ચોરીના ધંધામાં જોડાયો હતો.સોનલની તબિયત બગડતા તે શોયેબ સાથે સાયણ સી.એચ.સી. હોસ્પિટલ ગઈ હતી.






## તંત્રી લેખ...

# પ્લાસ્ટિક જોખમરૂપ

જે પ્લાસ્ટિકના કારણે અમારુ જીવન વધારે સરળ અને વધારે સુવિધાજનક બની ગયુ છે તે જ પ્લાસ્ટિકના કારણે આજે વધુને વધુ ખતરો ઉભો થઇ રહ્યો છે. પ્લાસ્ટિકના ઉપયોગને રોકવા માટે વિવિધ સુચન કરવામાં આવી રહ્યા છે છતાં પ્લાસ્ટિકનો ઉપયોગ અસરકારક રીતે રોકાઈ રહ્યો નથી. માટી અને પાણીની સ્થિતીને બગાડી દેવામાં તેની ભૂમિકા રહેલી છે. સાથે સાથે પ્લાસ્ટિકના કારણે અનેક જીવલેણ બિમારી પણ ફેલાઈ રહી છે. આ વખતે પર્યાવરણ દિવસની મંગળવારના દિવસે ઉજવણી કરવામા ંઆવી હતી. આ દિવસે કેટલાક મોટી પહેલ પણ કરવામા ંઆવી હતી. જે અસરકારક છે. સાથે સાથે સ્વાગતરૂપ છે. પ્લાસ્ટિક પ્રદુષણને રોકવા માટે ગઈકાલે તમામને કહેવામાં આવ્યુ હતુ. સરકારો, ઉદ્યોગો, જુદા જુદા સમુદાય અને સામાન્ય જનતાને પ્લાસ્ટિકના ઉપયોગને રોકી દેવા માટે કહેવામાં આવ્યુ હતુ. પર્યાવરણ દિવસના યજમાન દેશ તરીકે આ વખતે ભારત રહ્યા બાદ કેટલીક નવી પહેલ ભારત સરકાર દ્વારા કરવામાં આવી હતી. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે દુનિયાના સૌથી વધારે પ્લાસ્ટિકના ઉપયોગ કરનાર દેશોની યાદીમાં ભારત પાંચમા સ્થાને છે. પ્લાસ્ટિકના ખતરાને તો ખુબ પહેલા જ અમે ઓળખી ગયા હતા. જો કે આ સંબંધમાં જેટલી જાગૃતાની જરૂર હતી તેટલી જાગૃતા આવી ન હતી. હવે જ્યારે ખતરનાક બાબત સપાટી પર આવી છે ત્યારે અમે ધ્રુજી ગયા છીએ. જેથી પ્લાસ્ટિકની સામે જંગ છેડી દેવામાં આવ્યો છે. વિશ્વ પર્યાવરણના દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખુબ સારી પહેલ કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વના નિર્ણય હેઠળ અમદાવાદ શહેરમાં પાણીનાં પાઉચ અને પ્લાસ્ટિકની અન્ય ચીજો પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. પાણીના પાઉચની સાથે સાથે ચા માટે વપરાતી પ્લાસ્ટિકની નાની પ્યાલીઓ, મસાલામાં વપરાતા પ્લાસ્ટીક સહિતની સંબંધિત પ્લાસ્ટિકના વપરાશ અને ઉપયોગ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. શહેરના મેયર ગૌતમભાઇ શાહે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. રાજકોટ બાદ હવે અમદાવાદ શહેરમાં પણ પ્લાસ્ટિકના કાગળમાં પેક કરીને આવતાં પાણીના પાઉચ પર પ્રતિબંધ મૂકી દેવાયા બાદ હવે આગામી દિવસોમાં રાજયના અન્ય શહેરોમાં પણ આ પ્રકારે પ્લાસ્ટિક પર પ્રતિબંધની શકયતાઓ પ્રવર્તી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ જાહેરાતને પગલે પાણીના પાઉચના વેપારીઓ અને પ્લાસ્ટિકના વેપારીઓ-દુકાનદારોમાં ભારે નારાજગીની લાગણી ફેલાઇ ગઇ હતી. જો કે, લોકોના આરોગ્યને ધ્યાનમાં લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા નિર્ણયની જાગૃત નાગરિકોમાં ભારે પ્રશંસા થઇ રહી છે. દરમ્યાન અમદાવાદ જિલ્લા કલેકટરે પણ કલેકટર કચેરીને પ્લાસ્કિટ ફ્રી ઝોન ઘોષિત કરતી જાહેરાત કરી હતી. કલેકટર કચેરીમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી શણની બેગ આપવાની પણ તેમણે તત્પરતા દાખવી હતી.

# એક્સ્ટ્રા મૈરિટલ અફેયરથી ખુશી

આમારામાંથી મોટા ભાગના લોકો નક્કરપણે અને સ્પષ્ટપણે માને છે કે કોઇ રિલેશનશીપમાં બેવફાઇ માટે કોઇ જગ્યા નથી. બે લોકોની વચ્ચે કોઇ ત્રીજાની કોઇ શક્યતા હોતી નથી. પરંતુ હાલમાં કરવામાં આવેલા સર્વેમાં કેટલીક અન્ય રોચક બાબત સપાટી પર આવી છે. જેમાં જાણવા મળ્યુ છે કે કેટલાક દંપત્તિ એવા પણ છે જે એક્સ્ટ્રા મૈરિટલ અફેયર્સ અથવા તો લગ્ન થયા હોવા છતાં બહાર પણ સંબંધ રાખે છે. આ પ્રકારના સંબંધને તેઓ પોતાની ખુશી તરીકે પણ ગણે છે. અમેરિકાની મિસોરી સ્ટેટ યુનિવર્સિટીમાં હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબના તારણ સપાટી પર આવ્યા છથે. યુનિવર્સિટીના પ્રોફેસર એલિસિયા વોકર દ્વારા એશ્લે મેડિસીન નામની એક ડેટિંગ સાઈટ મારફતે એક હજારથી વધુ લોકોને આવરી લઈને અભ્યાસ કરાવવામાં આવ્યા બાદ કેટલીક રોચક બાબત સપાટી પર આવી હતી. ડેટિગ સાઈટ મારફતે સર્વેમાં કેટલીક બાબત સપાટી પર આવી હતી. આ ડેટિંગ સાઈટ પર અનોખી તરીકે રહેલી છે. જે માત્ર પરિણિત દંપત્તિ અને રિલેશનશીપમાં રહેલા દંપત્તિ માટે જ ડેટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. આ સર્વેમાં સામેલ કરવામાં આવેલા લોકોને પ્રશ્ન કરવામાં આવ્યા કે પોતાના ગૃહસ્થ જીવનની બહાર કોઈની સાથે સંબંધ રાખવાની શુ અસર થઈ છે. તેમના જીવનને કેટલા હદ સુધી અલગ ખુશી મળી છે. હેરાનીની બાબત એ છે કે ૧૦ પૈકી સાત લોકોએ કહ્યુ હતુ કે લગ્ન સંબંધો બાદ બહારના સંબંધ સ્થાપિત કરીને તેમની લાઈફ વધારે સંતોષજનકરીતે આગળ વધી રહી છે. આંકડાના કહેવા મુજબ પુરૂષો કરતા મહિલાઓ વધારે પોતાના લગ્ન સિવાયના સંબંધોના કારણે વધારે સંતુષ્ટ દેખાઈ છે. આ સંતુષ્ટી માટેના કેટલાક કારણ જવાબદાર રહ્યા છે. જેમ કે ગૃહસ્થીમાં પાર્ટનર સાથે સેક્સ સંબંધ રાખવાની બાબતમાં સંતોષ ન મળવાની બાબત પણ સામેલ છે. બહારના પાર્ટનર સાથે સેક્સ સંબંધ રાખવાની સ્થિતીમાં સંતોષ મળે છ. આ આઉટસાઈટ પાર્ટનરની સાથે સપ્તાહમાં બે વખત સેક્સ સંબંધો બનાવવા માટેની બાબત સામેલ છે. એવુ પણ જાણવા મળ્યુ છે કે જ્યારે આ પ્રકારના લગ્ન બાદના સંબંધો ખતમ થઈ જાય છે ત્યાર પાર્ટનરની સાથે વિશ્વાસઘાત કરવાનો કોઈ અનુભવ થાય છે કે કેમ તેને લઈને પણ પ્રશ્નો સર્વેના ભાગરૂપે પુછવામાં આવ્યા હતા. હેરાન કરનાર બાબત તો એ છે કે શોધમાં સામેલ કરવામાં આવેલા મોટા ભાગના લોકોએ કહ્યુ છે કે લગ્નના સંબંધનો અંત આવ્યા બાદ તો જીવનમાં પહેલા કરતા વધારે ખુશી મળે છે. માત્ર આ જ સર્વેમા સંબંધ અને બેવફાઈ વચ્ચેના સંબંધ જોડવામાં આવ્યા નથી. એક જર્નલમાં પ્રકાશિત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો પોતાના લગ્ન સિવાય બહારના સંબંધ રાખે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### કેન્સરનું વહેલું નિદાન : નિષ્ણાત પાસે સારવાર કરાવવી સચોટ પરિણામ આપે છે

**દર આઠ પુરૂષમાંથી એકનું અને દર અગીયાર સ્ત્રીમાંથી એકનું મૃત્યુ કેન્સરથી થાય છે આપણા ભારતવર્ષમાં દર વર્ષે ૧૨ લાખ કેન્સરના નવા કેસનું નિદાન થાય છે અને ૭૮૦૦૦ દર્દીઓના મૃત્યુ દર વર્ષે કેન્સરથી થાય છે**

# વિશ્વમાં દર વર્ષે ૧ કરોડ ૮૦ લાખ કેન્સરના નવા કેસનું નિદાન થાય છે

**મોટાભાગના કેન્સર જેવા કે સ્તન કેન્સર, આંતરડાના કેન્સર વગેરેમાં આનુવંશિક પરીબળો જવાબદાર છે પરંતું દરેક વ્યકિતને વારસામાં કેન્સર મળે જ તેવી કોઇ બીક રાખવાની જરૂર નથી**

(ભાગ :૬)

વિશ્વમાં દર વર્ષે ૧ કરોડ ૮૦ લાખ કેન્સરના નવા કેસનું નિદાન થાય છે, અને ૯૬ લાખ દર્દીઓ કેન્સરથી મૃત્યું પામે છે. ઈન્ટરનેશનલ એજન્સી ફોર કેન્સર રીસર્ચ (IARC) પ્રમાણે દર પાંચ પુરૂષમાંથી એકને અને દર છ સ્ત્રીમાંથી એકને તેના જીવનકાળ દરમ્યાન કેન્સર થાય છે.

દર આઠ પુરૂષમાંથી એકનું અને દર અગીયાર સ્ત્રીમાંથી એકનું મૃત્યુ કેન્સર થી થાય છે. આપણા ભારતવર્ષમાં દર વર્ષે ૧૨ લાખ કેન્સરના નવા કેસનું નિદાન થાય છે, અને ૭૮૦૦૦ દર્દીઓના મૃત્યુ દર વર્ષે કેન્સરથી થાય છે.

આપણા ભારતવર્ષમાં દર વર્ષે ૧૨ લાખ કેન્સરના નવા કેસનું નિદાન થાય છે, અને ૭૮૦૦૦ દર્દીઓના મૃત્યુ દર વર્ષે કેન્સરથી થાય છે. એક અનુમાન પ્રમાણે પાંચ વર્ષમાં આપણા દેશમાં દર વર્ષે આશરે ૨૨ લાખ નવા કેન્સરના કેસોનું નિદાન થશે.

જયારે કોઈપણ દર્દીનું કેન્સરના રોગનું નિદાન થાય છે તો આખુ કુટુંબ ભાંગી પડે છે બધા તણાવમાં આવી જાય છે, દોડા દોડ કરી મૂકે છે અને જાત જાતના નુસખા અપનાવે છે અને ઉંટવૈદ્યો પાસે સારવાર કરાવે છે. પરંતું કેન્સરના રોગથી ડર્યા વગર તેને પણ ડાયાબીટીસ,



હદયરોગ વગેરે રોગ જેવો એક રોગ ગણી તેની સારવાર અનુભવી, નિષ્ણાત તબીબ પાસે કરાવવી જોઈએ

#### શું કેન્સર ચેપી રોગ છે ?

ના કેન્સર ચેપી રોગ નથી,પરંતું ફેફસાનો ટીબી, સ્વાઈન ફલું જેવા રોગો શ્વાસ દ્વારા ફેલાતા હોવાથી તે ચેપી છે.

#### શું કેન્સર વારસાગત છે ?

મોટાભાગના કેન્સર જેવા કે સ્તન કેન્સર, આંતરડાના કેન્સર વગેરેમાં આનુવંશિક પરીબળો જવાબદાર છે. પરંતું દરેક વ્યકિતને વારસામાં કેન્સર મળે જ તેવી કોઈ બીક રાખવાની જરૂર નથી. દા.ત.માતાને સ્તન કેન્સર થાય તો તેની દિકરીઓએ સ્તન કેન્સરની નિયમિત તપાસ કરાવવી જોઈએ, જેથી કરીને વહેલા તબકકામાં કેન્સરનું નિદાન થઈ શકે અને સારવાર થઈ શકે કેન્સર મટી શકે.

#### કેન્સર કોને થઈ શકે ?

કેન્સર નાના બાળકથી લઈને વૃધ્ધ અને કોઈપણ સ્ત્રી કે પુરૂષને થઈ શકે.

#### શું કેન્સરને વ્યસન સાથે સબંધ છે ?

ચોકકસ સબંધ છે. તમાકુ, બીડી, સોપારીનું વ્યસન કરનારને મોં, ગળાના કેન્સરની શકયતા વ્યસન ન કરનાર કરતાં ઘણી વધારે છે, દારૂના વ્યસનીને લીવરના રોગો થઈ શકે છે.

#### શું કેન્સર મટી શકે ?

જો કેન્સરનું નિદાન પહેલા તબકકામાં કરાવવામાં આવે અને નિષ્ણાત તબીબ પાસે તેની સારવાર કરાવવામાં આવે તો અમુક પ્રકારના કેન્સર ચોકકસ મટી શકે છે અને કેન્સરમુકત થયા પછી દર્દી પોતાનું જીવન બીજા માણસની જેમ જીવી શકે છે.

#### કેન્સરના રોગ માટે શું સાવચેતી રાખવી ?

આપણામાં કહેવત છે કે ચેતતો નર સદા સુખી

નિયમિત શારીરીક તપાસ નિષ્ણાત ડોકટર પાસે કરાવવી જોઈએ.

દારૂ, તમાકું, સોપારી,બીડીનું વ્યસન બંધ કરવું અથવા શરૂ જ ન કરવું.

#### શરીરનું વજન નિયંત્રિત રાખવું

આમ છતાં પણ જો કોઈપણ પ્રકારના નીચે જણાવેલ લક્ષણો જણાય તો ગભરાયા વગર નિષ્ણાત પાસે નિદાન અને સારવાર કરાવવી. જરૂર નથી કે આ લક્ષણો કેન્સર ના જ હોઈ શકે પરંતું તેને અવગણવા પણ ન જોઈએ.

તમાકુ, બીડી, સોપારીના વ્યસનીને મોં માં ચાંદા પડે, જમવાનું તીખું લાગે, મોં ઓછું ખૂલે તો તપાસ કરાવવી.

ખોરાક ઉતારવામાં તકલીફ પડે.

ઝાડા, પેશાબની અનિયમિતતા થાય કે તેમાં રકતસ્ત્રાવ થાય.

શરીરના કોઈપણ ભાગમાં ગાંઠ થાય, ચાંદી પડે જેની રૂઝ ન આવે તો તુરંત નિદાન કરાવવું.

સામાન્ય ઉપચાર કરવા છતાં ખાંસી ન મટે તો જરૂર તપાસ કરાવવી.

મસો, તલ વગેરેના કદ, આકારમાં ફેરફાર થાય અથવા તેમાંથી લોહી નીકળે

બહેનોને સ્તનમાં ગાંઠ થાય અથવા માસિક ધર્મ બંધ થયા પછી રકતસ્ત્રાવ ફરી શરૂ થાય તો નિદાન કરાવવું જોઈએ.

વહેલું નિદાન તથા સંપૂર્ણ સારવાર નિષ્ણાત તબીબ પાસે થાય તો સચોટ પરિણામ મળવાની સંભાવનાઓ વધી જાય છે.



### નાસા દ્વારા તૈયારી કરાઇ : આર્ટેમિસ-૩ના નિર્માણમાં વિલંબ થયો...

**દવા ખરીદતી વેળા તેની રિસિપ્ટ દવા વેચનાર અથવા તો કેમિસ્ટ પાસેથી ચોક્કસપણે લેવી જોઇએ દવાની ખરીદી કરતી વેળા દવા બનાવનાર કંપનીનુ નામ અથવા તો તેની એક્સપાયરી ડેટ ચોક્કસપણે જોઇ લેવી જોઇએ**

# ૨૦૨૫માં ચન્દ્ર પર માનવી જશે

**આર્ટેમિસ-૩ ચન્દ્રની સપાટી પર માનવીને લઇને જશે : ચન્દ્ર પર તમામ લોકો કેટલાક દિવસ રોકાશે : ડોનાલ્ડ ટ્રમ્પની મહત્વકાંક્ષી યોજના હતી**

નાશા મિશન મુનની તમામ તૈયારી ચાલી રહી છે. આર્ટેમિસ-૩ના નિર્માણમાં વિલંબ થઇ રહ્યો છે. હવે ૨૦૨૫ સુધી ચન્દ્રની સપાટી પર નાસા માનવીને મોકલશે. તમામ લોકો ચન્દ્ર પર થોડાક દિવસ સુધી રોકાશે. પૂર્વ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મહત્વકાંક્ષી યોજના પૈકી એક તરીકે આને ગણવામાં આવે છે. ચન્દ્રની સપાટીપર માનવીને ફરીથી મોકલી દેવા માટેના મિશનને નાસાએ એક વર્ષ સુધી આગળ વધારી દીધા બાદ નવી તૈયારી શરૂ કરવામાં આવી છે.

પહેલા ૨૦૨૪ સુધી ચન્દ્ર પર અંતરિક્ષ યાત્રીઓને મોકલી દેવા માટેની યોજના હતી. જો કે હવે આ યોજનાને લંબાવી દેવામાં આવી છે. નાસાના પ્રમુખે જાણાકારી આપતા કહ્યુ છે કે હવે વર્ષ ૨૦૨૫ સુધી અંતરિક્ષ યાત્રીઓને ચન્દ્ર પર મોકલી દેવાની યોજના છે. આર્ટેમિસ નામના આ મિશન હેઠળ લેન્ડિંગ યાનના નિર્માણમાં વિલંબ પ્રક્રિયા રહેલી છે. નાસાના બિલ નેલ્સને કહ્યુ છે કે આર્ટેમિસ યાનના નિર્માણ માટે સ્પેસ એક્સથી કરાર પર કાનુની કારણોસર વિલંબ થઇ રહ્યો છે. જેના કારણે આ મિશનને એક વર્ષ માટે વધારી દેવા માટેની તૈયારી કરવામાં આવી છે. નાસા પ્રમુખે કહ્યુ છે કે આર્ટેમિસ-૩ના નિર્માણ માટે સ્પેસએક્સની સાથે કાનુની તકરારના કારણે વિલંબ થઇ રહ્યો છે. કેસોમાં સાત મહિનાનો સમય નિકળી ગયો છે. જેથી આ મિશન ૨૦૨૫ પહેલા આ મિશન આગળ વધે તેવી શક્યતા ઓછી છે. આર્ટેમિસ -૩ અપોલો -૧૧ની જેમ ચન્દ્રની સપાટી પર ઉતરશે, સાથે સાથે કેટલાક દિવસ ત્યાં પણ રોકાશે. તમામ લોકો સારી રીતે જાણે છે કે એપોલો -૧૧ સ્પેશફલાઇટ હતી. આના કારણે ચન્દ્રપર લોકો ઉતર્યા હતા. ૧૬મી જુલાઈથી ૨૪મી જુલાઇ દરમિયાન ૧૯૬૯ દરમિયાન ચન્દ્ર પર રહી હતી.



કમાન્ડર નીલ આર્મસ્ટ્રોગ અને લુનાર મોડ્યુલ પાઈલોટ બજ અલ્ડ્રીને અમેરિકી ક્રુની રચના કરી હતી.

જે ૨૦મી જુલાઇ ૧૯૬૯ના દિવસે અપોલો લુનાર મોડ્યુલ ઈગલ પર ઉતર્યા હતા. આર્મસ્ટ્રોગ લુનાર સરફેસ પર ઉતરનાર પ્રથમ વ્યક્તિ હતા. છ કલાક ૩૯ મિનિટ બાદ ૨૧મી જુલાઇના દિવસે અલ્ડ્રીન પણ તેમની સાથે જોડાયા હતા. બંને સ્પેસક્રાફટની બહાર આશરે અઢી કલાક રોકાયાહતા. તેઓએ ૪૭.૫ પાઉન્ડ અથવા તો ૨૧.૫ કિલોગ્રામ લુનાર સામગ્રી લઈને આવ્યા હતા. કમાન્ડ મોડ્યુલ પાઈલોટ માઈકલ કોલિન્સ લુનાર સપાટીપર એકલા ગયાહતા. આર્મસ્ટ્રોગ અને અલ્ડ્રીન લુનારની સપાટીપર ૨૧ કલાક અને ૩૬ મિનિટ રોકાયા હતા. બજ આલ્ડ્રીનનો લોકપ્રિય થયેલો ફોટો જે મુન પર છે તે નીલ આર્મસ્ટ્રોગ દ્વારા પાડવામાં આવ્યો હતો. નાસાએ આ મિશન હાથ ધરીને મોટી સફળતા હાથ ધરી હતી. હેવ ફરી નવા મિશનની તૈયારી કરવામાં આવી છે. મિશન લોંચ કરવામાં આવ્યા બાદ દુનિયામાં ભારે ચર્ચા રહી હતી. કેનેડી સ્પેસ સેન્ટરથી આ મિશન હાથ ધરવામાં આવ્યા બાદ નવા ઈતિહાસની રચના થઈ હતી. અપોલો-૧૧ને ફલોરિડામાં મેરિટ આઈલેન્ડ ખાતેથી કેનેડી સ્પેસ સેન્ટર ખાતે સેટર્ન વી રોકેટ મારફતે છોડવામાં આવ્યા બાદ દુનિયામાં ઉત્સુકતારહી હતી. નાસાના અપોલો પ્રોગ્રામના પાંચમા ક્રુ મિશન તરીકે આને ગણવામાં આવે છે. અપોલો સ્પેસક્રાફટના ત્રણ ભાગ હતા. આમાં ત્રણ અંતરિક્ષ યાત્રી હતા. સેટર્ન દ્વારા મુનમાં તેને મોકલી દેવામાં આવ્યાબાદ અંતરિક્ષ યાત્રીઓ તેનાથી સ્પેસક્રાફટને અલગ કરવામાં સફળ રહ્યા હતા. લુનારની સપાટી પર પહોંચે તે પહેલા ત્રણ દિવસ સુધી ફર્યા હતા. આર્મસ્ટ્રોગ અને આલ્ડ્રીન ઈગલમાં પ્રવેશી ગયા હતા. ત્યારબાદ ૨૦મી જુલાઈના દિવસે સી ઓફ ટ્રાનક્વિલીટી ખાતે ઉતર્યા હતા. લુનાર સરફેસથી ઉડાણ ભરવા માટે તેઓએ ઈગલ સ્ટેજ તબક્કાનો ઉપયોગ કર્યો હતો. કમાન્ડ મોડ્યલમાં કોલિન્સ સાથે જોડાયા હતા. આર્મસ્ટ્રોગે પ્રથમ પગલુ ચન્દ્રની સપાટીપર મુક્યુ ત્યારે દુનિયામાં તેનુ લાઈવ પ્રસારણ કરવામાં આવ્યુ હતુ. અપોલો -૧૧ની સાથે જ સ્પેસ રેસમાં અમેરિકાની જીતની સાબિતી મળી ગઇ હતી. હવે નવા મિશનને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

### પાકિસ્તાન પાસે પરમાણુ બોંબ છે ? । પાકિસ્તાનના પરમાણુ પરીક્ષણની તૈયારીના ફોટો પણ જારી ન થયા

# અનેક પ્રકારની બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો કહી શકાય છે કે પાકિસ્તાને વિતેલા વર્ષોમાં પરમાણુ પરીક્ષણનુ નાટક કર્યુ હતુ

ભારત દ્વારા જ્યારે પાકિસ્તાનમાં ઘુસીને બાલાકોટમાં ત્રાસવાદી કેમ્પ પર હુમલા કરવામાં આવ્યા ત્યારે પાકિસ્તાને કેટલાક દિવસ સુધી નિવેદનો કરવામાં આવ્યા હતા કે પાકિસ્તાન એક પરમાણુ શક્તિ દેશ છે. પાકિસ્તાને તેના પરમાણુ બોંબ ડ્રાંઈગ રૂમમાં સજાવવા માટે તૈયાર કર્યા નથી.ભારતની સામે પરમાણુ બોંબનો ઉપયોગ કરવામાં આવી શકે છે તેવા નિવેદન પણ કેટલાક કટ્ટરપંથીઓ દ્વારા આડેધડ નિવેદન પણ કર્યા હતા. જો કે પાકિસ્તાનની હવા છેલ્લે નિકળી ગઇ હતી.જો કે પાકિસ્તાનની આ તમામ બાબતો આખરે પોકળ સાબિત થઇ હતી. જો કે તમામ લોકોને આશ્ચર્ય થશે કે બાલાકોટમાં ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા બાદ પણ પાકિસ્તાને કોઈ પગલા લેવાની હિંમત કરી નથી. આ એવા પ્રકારની ઘટના બની છે જેના કારણે હવે શંકા વિશ્વાસમાં ફેરવાઇ જાય છે. એવી શંકા થવા લાગી છે કે આખરે પાકિસ્તાનની પાસે એવી તો કઇ જાદુઇ છડી આવી ગઇ છે કે વર્ષ ૧૯૭૨ના પરમાણુ પોખરણ -૧ના ચાર વર્ષના ગાળા બાદ પાકિસ્તાનમાં પરમાણુ એન્જિનિયરો ઉભા થઇ ગયા હતા. વર્ષ ૧૯૭૬માં પાકિસ્તાન એટોમિક એનર્જી કમીશનની રચના પણ કરી લેવામાં આવી હતી. તેના પરમાણુ કાર્યક્રમની આટલી વહેલી તકે શરૂઆત પણ થઇ ગઇ હતી. પાકિસ્તાને પરમાણુ કાર્યક્રમની શરૂઆત કર્યા બાદ તેની પ્રગતિને લઇને કોઇ રિપોર્ટ જારી કરવામાં આવ્યા નથી. તેની કોઇ માહિતી વર્ષ ૧૯૯૮ સુધી જારી કરવામાં આવી ન હતી. અમેરિકાની ટોપની જાસુસી સંસ્થાઓ સીઆઇએ, એફબીઆઇ અને પેન્ટાગોન સહિતની સંસ્થાઓ દ્વારા કોઇ માહિતી પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમ અંગે આપવામાં આવી નથી. સામાન્ય રીતે જોવામાં આવે છે કે જ્યારે પણ ભારત પર કોઇ ત્રાસવાદી હુમલો થાય છે ત્યારે પાકિસ્તાન તરફથી હુમલામાં તેની કોઈ સંડોવણી નથી તેવી વાત કરવામા ંઆવે છે. સાથે સાથે કહેવામાં આવે છે કે જો લડાઇ છેડાઇ જાય તો પાકિસ્તાન પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છે. સાથે સાથે જંગી નુકસાન થઈ શકે છે. પોખરણ-૨ પરીક્ષણ ૧૧ અને ૧૩મી મે ૧૯૯૮ના દિવસે કરવામાં આવ્યા હતા. જેના માટે ભારતના મહાન વૈજ્ઞાનિકો વર્ષો સુધી લાગેલા હતા. સમય સમય પર બીએઆરસીની પ્રગતિ અને સિદ્ધીઓ અંગે હેવાલ પણ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આજે પણ મિડિયા મારફતે માહિતી આવતી રહે છે. પરંતુ પાકિસ્તાનના સંદર્ભમાં ક્યારેય કોઈ માહિતી જારી કરવામાં આવતી નથી. દાખલા તરીકે જોવામાં આવે તો વર્ષ ૧૯૯૫માં બેનેઝીર ભુટ્ટોએ કહ્યુ હતુ કે પાકિસ્તાનનો પરમાણુ કાર્યક્રમ ૧૯૭૧ના પહેલા શાંતિ માટે હતો. છતાં પણ આશ્ચર્યજનક રીતે જાદુની છડીથી માત્ર ૧૫ દિવસના ગાળામાં જ ૨૮ અને ૩૦મી મે વર્ષ ૧૯૯૮ના દિવસે પાકિસ્તાન દ્વારા પરમાણુ પરીક્ષણ કરી લેવામાં આવે છે. ધ્યાન આપવા જેવી બાબત એ છે કે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ચશ્મા શહેરમાં કહુટા ખાતે ચીનના સહકાર સાથે પરમાણુ પાવર પ્લાન્ટ બનાવી દીધો હતો. આટલામાં પાકિસ્તાનના તમામ ખેલને સારી રીતે સમજી શકાય છે. વાસ્તવિતા એ છે કે જ્યાં પણ માહિતી હોઈ શકે છે ત્યાં તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પાકિસ્તાનના પરમાણુ પરીક્ષણ વેળા બોંબમાં આખરે કઈ ચીજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં યુરેનિયમ હતુ` થોરિયમ હતુ. પ્લુટોનિયમ જથ્થો હતો કે પછી અન્ય કોઈ રસાયણ હતા. પાકિસ્તાને કેટલીક વખત કહ્યુ હતુ કે તેના દ્વારા પ્લુટોનિયમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે શક્ય દેખાતુ નથી. ઉપલબ્ધ સુચના મુજબ તો આ બાબત પણ સ્પષ્ટ નથી કે તેમનુ પરીક્ષણ ફ્યુજન છે કે પછી ફિશન છે. આમાંથી એક પરમાણુ બોંબ છે અન્ય હાઈડ્રોજન બોંબ છે. પાકિસ્તાને દાવો કર્યો છે કે બલુચિસ્તાનના ડેરા ગાજી ખાનમાં સ્થાનિક પિચબ્લેન્ડ મારફતે ૧૦૦૦૦ પાઉન્ડ યુરેનિયમનુ ઉત્પાદન કરે છે. મજાની વાત એ છે કે સમગ્ર દુનિયામાં માત્ર ત્રણ દેશ કજાકિસ્તાન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા મળીને માત્ર ૧૦૦૦ ટન પ્રતિવર્ષ ઉત્પાદન કરે છે. સાથે સાથે દુનિયાને વેચે છે. જેથી પાકિસ્તાનના તમામ દાવાને લઈને હજુ પણ પ્રશ્ન થાય છે. પાકિસ્તાન પાસે પરમાણુ બોંબ છે કે કેમ તેને લઈને સતત પ્રશ્ન થાય છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

## જયપુરમાં મોટી દુર્ઘટના ટળી : રનવે પર સ્પર્શ બાદ ફરી હવામાં ઉડ્યું વિમાન

। એજન્સી, જયપુર, તા.૨૮ ।

મહારાષ્ટ્રના બારામતીમાં પ્લેન ક્રેશમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે જીવ ગુમાવ્યો છે. ત્યારે જયપુરમાં પણ એર ઈન્ડિયાની ફ્લાઈટનું લેન્ડિંગ ફેઈલ થવાના કારણે મુસાફરોના જીવ તાળવે ચોંટયા હતા. આ વિમાનમાં કોંગ્રેસના પ્રદેશ પ્રભારી સુખજિંદર સિંહ રંધાવા પણ સવાર હતા. એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૧૭૧૯ આજે બપોરે ૧.૦૫ વાગ્યે જયપુર એરપોર્ટ પર લેન્ડ થવાની હતી. વિમાને રનવે પર ટચડાઉન કરતાં જ પાયલોટે અંતિમ ક્ષણોમાં વિમાન ફરીથી હવામાં ઉઠાવી લીધું હતું. મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપવા માટે પાયલોટે 'ગો-રાઉન્ડ' કરવાનો નિર્ણય લીધો. વિમાને એરપોર્ટ પર ચક્કર લગાવ્યા અને પરિસ્થિતિ સામાન્ય થયા બાદ ફરીથી લેન્ડિંગનો પ્રયાસ કર્યો. વિમાન સફળતાપૂર્વક લેન્ડ થતાં મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ વિમાનમાં કોંગ્રેસના પ્રદેશ પ્રભારી સુખજિંદર સિંહ રંધાવા પણ સવાર હતા. પ્રથમ વખતે વિમાનનું લેન્ડિંગ નિષ્ફળ જતાં લોકોમાં ચિંતા વધી ગઈ હતી. મહારાષ્ટ્રના બારામતીમાં વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી તથા એનસીપી નેતા અજિત પવારનું નિધન થયું છે. આ દુર્ઘટનામાં અજિત પવાર સહિત કુલ ૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. બુધવારે સવારે બારામતીમાં લેન્ડ કરતાં સમયે વિમાન ક્રેશ થયું. તેઓ ચૂંટણી પ્રચાર માટે બારામતી જઈ રહ્યા હતા. ક્રેશ થયા બાદ ચાર્ટર્ડ પ્લેનમાં આગ પણ લાગી હતી.

પ્રોજેક્ટ ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું

## કોહિમાની રેલ ક્રાંતિ : પ્રથમ વખત રાષ્ટ્રીય રેલ્વે નેટવર્ક સાથે જોડશે । એનએફઆર ૨૦૨૯ ના લક્ષ્યની નજીક

**કુલ ૭૮.૪૨ કિલોમીટરની લંબાઈમાં ફેલાયેલો છે, જે આસામના કાર્બી આંગલોંગ જિલ્લા અને નાગાલેન્ડના ચુમુકેદિમા અને કોહિમા જિલ્લાઓને આવરી લે છે । આઠ સ્ટેશનો - ધનસિરી, ધનસિરીપર, શોખુવી, મોલ્વોમ, ફેરીમા, પીફેમા, મેંગુઝુમા અને ઝુબ્ઝાનો સમાવેશ**

। પ્રતિનિધિ, કોહિમા, તા.૨૮ ।

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (એનએફઆર) વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ દિમાપુર (ધનસિરી)-કોહિમા (ઝુબ્ઝા) નવી રેલ્વે લાઈન પ્રોજેક્ટ પર સતત પ્રગતિ કરી રહી છે, જે નાગાલેન્ડની રાજધાની કોહિમાને પ્રથમ વખત રાષ્ટ્રીય રેલ્વે નેટવર્ક સાથે જોડશે. આ પ્રોજેક્ટ ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું છે.આ પ્રોજેક્ટ કુલ ૭૮.૪૨ કિલોમીટરની લંબાઈમાં ફેલાયેલો છે, જે આસામના કાર્બી આંગલોંગ જિલ્લા અને નાગાલેન્ડના ચુમુકેદિમા અને કોહિમા જિલ્લાઓને આવરી લે છે. તેમાં આઠ સ્ટેશનો - ધનસિરી, ધનસિરીપર, શોખુવી, મોલ્વોમ, ફેરીમા, પીફેમા, મેંગુઝુમા અને ઝુબ્ઝાનો સમાવેશ થાય છે, જેમાંથી ધનસિરી, શોખુવી અને મોલ્વોમ પહેલાથી જ પૂર્ણ થઈ ગયા છે. આ સંરેખણમાં જટિલ એન્જિનિયરિંગ



કાર્યોનો સમાવેશ થાય છે, જેમાં ૩૧,૧૬૯ મીટરની કુલ લંબાઈ સાથે ૨૦ ટનલ અને ૨૭ મુખ્ય પુલ અને ૧૪૯ નાના પુલનો સમાવેશ થાય છે, આ માળખાના નોંધપાત્ર ભાગો પહેલાથી જ પૂર્ણ થઈ ગયા છે.

પ્રોજેક્ટના બે વિભાગો તબક્કાવાર કાર્યરત કરવામાં આવ્યા છે - ઓક્ટોબર ૨૦૨૧ માં ધનસિરી-શોખુવી સેક્શન (૧૬.૫ કિમી) અને માર્ચ ૨૦૨૫ માં શોખુવી-મોલ્વોમ સેક્શન (૧૪.૬૪ કિમી). હાલમાં, શોખુવીથી નિયમિત ટ્રેન સેવાઓ કાર્યરત છે, જે તેને આસામના ગુવાહાટી અને અરુણાચલ પ્રદેશના નાહરલગુન સાથે જોડે છે, જે મુસાફરો માટે સરળ, સલામત અને વધુ વિશ્વસનીય મુસાફરી પૂરી પાડે છે. મોલ્વોમ સ્ટેશનના કાર્યરત થવા સાથે, તે નાગાલેન્ડનું ત્રીજું મુખ્ય રેલ્વે સ્ટેશન બન્યું છે, અને તેણે સપ્ટેમ્બર ૨૦૨૫ માં માલવાહક કામગીરી પણ શરૂ કરી હતી.

પ્રોજેક્ટના બાકીના ભાગો પર કામ હાલમાં પ્રગતિમાં છે, અને ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ ૨૦૨૯ સુધીમાં સમગ્ર દિમાપુર-કોહિમા (ઝુબ્ઝા) રેલ્વે લાઈન પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જે આ ક્ષેત્રના જોડાણ અને એકંદર વિકાસને વધારવામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનશે. નવી રેલ લિંક શિક્ષણ, આરોગ્યસંભાળ, રોજગાર અને બજારોમાં પ્રવેશમાં નોંધપાત્ર સુધારો કરશે તેવી અપેક્ષા છે, જ્યારે આરામદાયક, સસ્તું અને સમય-કાર્યક્ષમ મુસાફરી વિકલ્પ પ્રદાન કરીને માર્ગ પરિવહન પર નિર્ભરતા ઘટાડશે. આ પ્રોજેક્ટ કુલ ૭૮.૪૨ કિલોમીટરની લંબાઈમાં ફેલાયેલો છે, જે આસામના કાર્બી આંગલોંગ જિલ્લા અને નાગાલેન્ડના ચુમુકેદિમા અને કોહિમા જિલ્લાઓને આવરી લે છે.

## ભારતમાં ભળી ગયેલા બ્રિટિશ પત્રકાર પદ્મભૂષણ માર્ક ટુલીનું ૯૦ વર્ષે નિધન

। એજન્સી, નવીદિલ્હી, તા.૨૮ ।

અગ્રણી પત્રકાર અને પ્રસિદ્ધ લેખક માર્ક ટુલીનું સાકેતની મેક્સ હોસ્પિટલ ખાતે ૯૦ વર્ષની વયે રવિવારે નિધન થયું, જ્યાં તેમને ૨૧ જાન્યુઆરીએ નેફરોલોજી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના નજીકના મિત્ર અને સહ-પત્રકાર સતીશ જેકબે આ સમાચારની પુષ્ટી આપી હતી. હોસ્પિટલે જણાવ્યું કે સ્ટ્રોક આવ્યા પછી બપોરે ૨.૩૫ કલાકે અનેક અવયવો નિષ્ફળ જવાથી ટુલીનું મોત થયું હતું. કોલકતામાં ૧૯૩૫માં ૨૪ ઓક્ટોબરના રોજ જન્મેલા ટુલીએ શિક્ષણ માટે ઈંગ્લેન્ડ જવા અગાઉ તેમના પ્રારંભિક વર્ષો ભારતમાં વિતાવ્યા હતા. તેઓ ૧૯૬૪માં બીબીસીના સંવાદદાતા તરીકે પાછા આવ્યા અને તેના નવી દિલ્હી બ્યુરોના ચીફ બન્યા, જે પદ પછી તેમણે ૨૨ વર્ષ સુધી સંભાળ્યું. પાંચ દાયકા કરતા વધુ સમય દરમ્યાન તેઓ ભારતના રાજકીય અને સામાજિક પરિવર્તનના સૌથી સમજદાર ઈતિહાસકારો પૈકી એક તરીકે ઊભરી આવ્યા.ટુલીએ સ્વતંત્રતા પછીના ભારતીય ઈતિહાસમાં કેટલાક સૌથી મહત્વના બનાવોનું રિપોર્ટિંગ કર્યું હતું જેમાં બાંગ્લાદેશનું યુદ્ધ, કટોકટી, ઓપરેશન બ્લૂ સ્ટાર, ઈન્દિરા અને રાજીવ ગાંધીની હત્યાઓ અને બાબરી મસ્જિદ ધ્વંસ જેવી ઘટનાઓ સામેલ હતી. પત્રકારિત્વની સાથે તેઓ એક પ્રસિદ્ધ લેખક પણ હતા અને તેમણે 'નો ફુલ સ્ટોપ્સ ઈન ઈન્ડિયા', 'ઈન્ડિયા ઈન સ્લો મોશન' અને 'ધી હાર્ટ ઓફ ઈન્ડિયા' જેવા દસ પ્રભાવશાળી પુસ્તકો લખ્યા હતા.

## તેલંગાણામાં હવે બે કરતાં વધુ બાળકો ધરાવતા ઉમેદવારો પણ ચૂંટણી લડી શકશે

। એજન્સી, હૈદરાબાદ, તા.૨૮ ।

તેલંગાણા કેબિનેટે બે કરતાં વધુ બાળકો ધરાવતા લોકોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવતા નિયમને સૈદ્ધાંતિક રીતે દૂર કરવાનો નિર્ણય લીધો છે. ગુરુવારે મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા, મહેસૂલ મંત્રી પી. શ્રીનિવાસ રેડ્ડીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કોંગ્રેસ સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ૧ થી ૯ ડિસેમ્બર દરમિયાન 'પ્રજા પાલન-પ્રજા વિજયોત્સવમ' ઉજવણીનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે.મંત્રીએ કહ્યું, ''કેબિનેટે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવા માટે બે કરતા વધુ બાળકો ધરાવતા ઉમેદવારો પરનો પ્રતિબંધ હટાવવા પર પુનર્વિચાર કર્યો. જ્યારે વસ્તી નિયંત્રણના પગલાં કડક રીતે લાગુ કરવામાં આવી રહ્યા છે, ત્યારે પ્રતિબંધ લાગુ કરવાની કોઈ જરૂર નથી. મંત્રીમંડળની બેઠકમાં આવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેથી, કેબિનેટે પ્રતિબંધ હટાવવા માટે સૈદ્ધાંતિક રીતે સંમતિ આપી.''બેઠકે ત્રણ નવી કૃષિ કોલેજોની સ્થાપનાને મંજૂરી આપી, જે હુઝુરનગર, કોડંગલ અને નિઝામાબાદમાં સ્થિત હશે. હૈદરાબાદ મેટ્રો રેલના વિસ્તરણ કાર્યને ઝડપી બનાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો.

નાગાલેન્ડની રાજધાની કોહિમાને પ્રથમ વખત રાષ્ટ્રીય રેલ્વે નેટવર્ક સાથે જોડશે

## નાગાલેન્ડ માટે ઐતિહાસિક સીમાચિહ્નરૂપ, દીમાપુર-કોહિમા રેલ લાઇન 'સ્થિર પ્રગતિ' કરી રહી છે : NFR

**રેલ્વે લાઇનમાં જટિલ એન્જિનિયરિંગ કાર્યોનો સમાવેશ થાય છે, જેમાં ૩૧,૧૬૯ મીટરની સંયુક્ત લંબાઈવાળી ૨૦ ટનલ, ૨૭ મુખ્ય પુલ અને ૧૪૯ નાના પુલનો સમાવેશ થશે**

। પ્રતિનિધિ, કોહિમા, તા.૨૮ ।

નાગાલેન્ડની રાજધાની કોહિમાને પહેલી વાર રાષ્ટ્રીય રેલ્વે નેટવર્ક સાથે જોડનાર દીમાપુર (ધનસિરી)-કોહિમા (ઝુબ્ઝા) નવી રેલ્વે લાઈન પ્રોજેક્ટ ×સ્થિર પ્રગતિ× કરી રહ્યો છે. કામ પૂર્ણ થયા પછી, ૭૮.૪૨ કિલોમીટર લાંબી રેલ્વે લાઈન નાગાલેન્ડ માટે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનશે તેવી અપેક્ષા છે, જે કોહિમાને સીધી રેલ કનેક્ટિવિટી પૂરી પાડશે અને ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં પરિવહન લિંક્સને મજબૂત બનાવશે. એનએફઆર દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝ અનુસાર, આ પ્રોજેક્ટ આસામના કાર્બી આંગલોંગ જિલ્લા અને નાગાલેન્ડના ચુમોકેડિમા અને કોહિમા જિલ્લાઓમાંથી પસાર થશે. આ ગોઠવણીમાં આઠ સ્ટેશનોનો સમાવેશ થાય છે - ધનસિરી, ધનસિરીપર, શોખુવી, મોલ્વોમ, ફેરિમા, પીફેમા,



મેંગુઝુમા અને ઝુબ્ઝા-જેમાંથી ધનસિરી, શોખુવી અને મોલ્વોમ પહેલાથી જ પૂર્ણ થઈ ગયા છે.આ રેલ્વે લાઇનમાં જટિલ એન્જિનિયરિંગ કાર્યોનો સમાવેશ થાય છે, જેમાં ૩૧,૧૬૯ મીટરની સંયુક્ત લંબાઈવાળી ૨૦ ટનલ, ૨૭ મુખ્ય પુલ અને ૧૪૯ નાના પુલનો સમાવેશ થાય છે. એનએફઆરએ જણાવ્યું હતું કે આ ટનલ અને પુલના નોંધપાત્ર ભાગો પહેલાથી જ પૂર્ણ થઈ ગયા છે.આ પ્રોજેક્ટ તબક્કાવાર કાર્યરત કરવામાં આવ્યો છે. ૧૬.૫ કિલોમીટરનો ધનસિરી-શોખુવી વિભાગ ઓક્ટોબર ૨૦૨૧ માં કાર્યરત કરવામાં આવ્યો હતો, ત્યારબાદ માર્ચ ૨૦૨૫ માં ૧૪.૬૪ કિલોમીટરનો શોખુવી-મોલ્વોમ વિભાગ કાર્યરત કરવામાં આવ્યો હતો.હાલમાં, શોખુવીથી નિયમિત ટ્રેન સેવાઓ કાર્યરત છે, જે તેને આસામના ગુવાહાટી અને અરુણાચલ પ્રદેશના નાહરલગુન સાથે જોડે છે. આ સેવાઓએ મુસાફરો માટે સરળ, સલામત અને વધુ વિશ્વસનીય મુસાફરી વિકલ્પો પૂરા પાડ્યા છે, એમ પ્રકાશનમાં જણાવાયું છે. મોલ્વોમ સ્ટેશનના કાર્યરત થવા સાથે, નાગાલેન્ડ પાસે હવે તેનું ત્રીજું મુખ્ય રેલ્વે સ્ટેશન છે. મોલ્વોમે સપ્ટેમ્બર ૨૦૨૫ માં માલવાહક કામગીરી પણ શરૂ કરી, રાજ્યની રેલ-આધારિત પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષમતાને વધુ વિસ્તૃત કરી.નવી રેલ્વે લાઈન શિક્ષણ, આરોગ્યસંભાળ, રોજગાર અને બજારોની સુલભતામાં સુધારો કરશે તેવી અપેક્ષા છે, જ્યારે મુસાફરી અને માલસામાનની અવરજવર માટે આરામદાયક, સસ્તું અને સમય-કાર્યક્ષમ વિકલ્પ પ્રદાન કરીને માર્ગ પરિવહન પરની નિર્ભરતા ઘટાડશે.

કુદરતનો પ્રકોપ જોવા મળ્યો

## જમ્મુ-કાશ્મીરના સોનમર્ગમાં અચાનક બરફનો પહાડ તૂટ્યો

। એજન્સી, જમ્મુ-કાશ્મીર, તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીરના પર્યટન સ્થળ સોનમર્ગમાં મંગળવારે રાત્રે કુદરતનો પ્રકોપ જોવા મળ્યો હતો. પર્વતો પરથી અચાનક એક વિશાળ હિમપ્રપાત તૂટી પડ્યો હતો, જે સીધો હોટલ અને રહેણાંક વિસ્તારો સુધી પહોંચી ગયો હતો. આ ભયાનક ઘટનાના સીસીટીવી ફૂટેજ અત્યારે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે, જેમાં થોડી જ સેકન્ડોમાં આખો વિસ્તાર બરફના સફેદ વાદળોમાં ગરકાવ થતો જોઈ શકાય છે.અહેવાલો અનુસાર, મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં આવેલા સોનમર્ગ રિસોર્ટ વિસ્તારમાં આ હિમપ્રપાત થયો હતો. સદનસીબે, આ કુદરતી આફતમાં હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી, પરંતુ બરફના પ્રચંડ વેગને કારણે હોટલો અને ઈમારતોને નુકસાન પહોંચ્યું છે. વહીવટી તંત્ર દ્વારા તુરંત જ બચાવ ટુકડીઓને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.ભારે હિમવર્ષાને પગલે જમ્મુ અને કાશ્મીર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા અગાઉથી જ ચેતવણી જારી કરવામાં આવી હતી. હાલમાં ગંદરબલ, અનંતનાગ, બાંદીપોરા, બારામુલા, કુલગામ અને કુપવાડા સહિત કાશ્મીરના ૧૧ જિલ્લાઓ અને જમ્મુના ડોડા, કિશ્તવાડ અને રામબણ જેવા વિસ્તારોમાં 'એવલાંચ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.સતત હિમવર્ષાને કારણે જમ્મુ-કાશ્મીરનો સંપર્ક દેશના અન્ય ભાગોથી કપાઈ ગયો છે, શ્રીનગર એરપોર્ટના રનવે પર બરફ જામી જવાથી ઓપરેશન અસુરક્ષિત બન્યું છે, જેના કારણે આવતી-જતી કુલ ૫૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે ભારે બરફ અને લપસણા રસ્તાને કારણે વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયો છે.જ્યારે પર્વતો પર જામતી બરફના અનેક સ્તરો પૈકી ઉપરનું ભારે પડ નીચેના નબળા પડ પર ટકી શકતું નથી, ત્યારે તે ગુરુત્વાકર્ષણને કારણે તેજ ગતિએ નીચે તરફ સરકે છે. આ બરફનો પ્રવાહ એટલો શક્તિશાળી હોય છે કે તે રસ્તામાં આવતી ઈમારતો, ઝાડ અને વાહનોને પણ પોતાની સાથે ઘસડી જાય છે. વહીવટી તંત્રએ પ્રવાસીઓ અને સ્થાનિક રહેવાસીઓને અત્યારે પર્વતીય વિસ્તારોમાં ન જવા અને હવામાનની સૂચનાઓનું કડક પાલન કરવા વિનંતી કરી છે.

### ન્યૂઝ બ્રિફ



## સરકારે એસઆઇઆર સહિતના મુદ્દાઓ પર ચર્ચાની માંગ ફગાવી

। એજન્સી, નવી દિલ્હી, તા.૨૮ ।

બુધવારથી શરૂ થઇ રહેલા સંસદનાં બજેટ સત્રમાં વીબી-જી આરએમ જી એક્ટ અને એસઆઈઆર પર ચર્ચા કરવાની વિપક્ષની માંગણીઓને સરકારે મંગળવારે ફગાવી દીધી હતી.સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે આ બંને મુદ્દાઓ પર બંને ગૃહો દ્વારા ચર્ચા થઇ ગઇ છે અને અમે ફરીથી આ મુદ્દે ચર્ચા કરવા માંગતા નથીઙ્રિજિજુએ આ ટિપ્પણી સંસદના બજેટ સત્રની પૂર્વસંધ્યાએ સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક પછી કરી હતી.બેઠક દરમિયાન કોંગ્રેસનાં જયરામ રમેશ અને સીપીઆઇ(એમ)ના જોન બ્રિટાસ સહિત વિપક્ષી સભ્યોએ સત્ર માટે સરકારી કામકાજની માહિતી ન આપવા બદલ પણ વાંધો ઉઠાવ્યો હતો. જે અંગે પ્રધાને જણાવ્યું હતું કે યોગ્ય સમયે આ માહિતી આપવામાં આવશે.સૂત્રોના જણાવ્યા અનુસાર વિપક્ષી સભ્યો મતદાર યાદીનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર), એમજીએનઆરઈજીએ યોજનાનું સ્થાન લેનાર રોજગાર ગેરંટી અંગેના વીબી-જી આરએમ જી એક્ટ, અમેરિકા દ્વારા ભારત પર લગાવવામાં આવેલ ટેરિફ, વિદેશી નીતિના મુદ્દાઓ, વાયુ પ્રદૂષણનો મુદ્દો, અર્થતંત્રની સ્થિતિ, ઓછી ઉંમરના કિશોરો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવા માંગતા હતાં. વીબી-જી આરએમ જી એક્ટ અંગે વિપક્ષના વિરોધ અંગે પ્રધાને જણાવ્યું હતું કે એક વખત જો કોઈ કાયદો દેશ સામે આવે છે તો આપણે તેનું પાલન કરવાનું હોય છે.

## બુલેટ ટ્રેનનું કામ સ્થગિત,મહારાષ્ટ્રના પાલઘરમાં વિરોધ પ્રદર્શન;

। એજન્સી, મુંબઇ, તા.૨૮ ।

કેન્દ્ર સરકારના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનું કામ, મહારાષ્ટ્રના પાલઘરમાં સ્થાનિકો દ્વારા રાતોરાત ખોરવાઈ ગયું. પાલઘરના જલસર ગામના ગ્રામજનોએ મોડી રાત્રે બેરિકેડ ઉભા કરીને બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ અસ્થાયી રૂપે અટકાવી દીધું.જલસરના ગ્રામજનોનો આરોપ છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટને કારણે તેમના ઘણા ઘરોને નુકસાન થયું છે, પરંતુ વહીવટીતંત્ર આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યું નથી. તેમનો મુખ્ય ગુસ્સો એ હકીકતથી ઉદ્ભવે છે કે અસરગ્રસ્ત લોકોની યાદી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, જેના કારણે વળતર અને પુનર્વસન અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે.ગુસ્સે ભરાયેલા ગ્રામજનો આક્રમક બન્યા. ભારે વરસાદ વચ્ચે, ગ્રામજનોએ એક થઈને રાત્રે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ અટકાવી દીધું અને સ્થળ પર બેરિકેડ લગાવી દીધા. જોકે, કેલ્વા સાગર પોલીસ મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચી અને બેરિકેડ હટાવી દીધા, જેનાથી કામ ફરી શરૂ થયું.આ ઘટનાએ ફરી એકવાર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સામે પાયાના સ્તરે વિરોધ ઉજાગર કર્યો છે. પાલઘર (મહારાષ્ટ્ર) જેવા વિસ્તારોમાં, જમીન સંપાદન અને ટનલિંગને કારણે મહારાષ્ટ્ર વિભાગ ગુજરાતથી પાછળ રહી ગયો છે.

## બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુને જીવતો સળગાવી હત્યા કરી દેવાઇ

। એજન્સી, ઢાકા, તા.૨૮ ।

બાંગ્લાદેશમાં હિન્દુની હત્યાનો વધુ એક મામલો સામે આવ્યો છે. ૨૩ વર્ષના હિન્દુ યુવક ચંચલ ચંદ્ર ભૌમિકની ક્રૂરતાથી હત્યા કરી દેવામાં આવી છે. એવા અહેવાલો છે કે ચંચલને ગેરેજની અંદર જીવતો સળગાવીને મારી નાખવામાં આવ્યો છે. જે ગેરેજમાં તેનો મૃતદેહ મળી આવ્યો ત્યાં જ તે કામ કરતો અને રહેતો હતો. હિન્દુને જીવતા સળગાવીને મારી નાખવાની બે મહિનામાં આ બીજી ઘટના છે. પરિવારમાં એકમાત્ર કમાનારો વ્યક્તિ ચંચલ મૂળ બાંગ્લાદેશના કુમિલ્લા જિલ્લાના લક્ષ્મીપુર ગામનો રહેવાસી છે. છેલ્લા ઘણા વર્ષથી તે નરસિંહ વિસ્તારમાં આવેલા એક ગેરેજમાં કામ કરતો હતો.

## યુજીસીના નવા નિયમોનો વિરોધ ભારે પડયો : બરેલીના મેજિસ્ટ્રેટ સસ્પેન્ડ

। એજન્સી, નવી દિલ્હી, તા.૨૮ ।

ઉત્તર પ્રદેશ સરકારે બરેલીના સિટી મેજિસ્ટ્રેટ અલંકાર અગ્નિહોત્રીને તેમના રાજીનામા બાદ હવે સસ્પેન્ડ કરી દીધા છે. એક દિવસ અગાઉ જ અગ્નિહોત્રીએ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ના નવા કાયદાને પરત લેવાની માગ કરી હતી. સાથે જ પોસ્ટરમાં લખ્યું હતું કે શંકરાચાર્ય અને સંતોનું આ અપમાન સહન નહી કરી લેવાય. તેમણે પોસ્ટરમાં લખ્યું હતું કે યુજીસીનો કાળો કાયદો પરત લો. સિટી મેજિસ્ટ્રેટ અલંકારે પોતાના પદ પરથી રાજીનામાની જાહેરાત કરી હતી, સાથે જ તેમણે જિલ્લા પ્રશાસન અને જિલ્લા અધિકારી પર ગંભીર આરોપો લગાવ્યા હતા અને દાવો કર્યો હતો કે મને આ અધિકારીઓના ઘર પર બળજબરીથી ૪૫ મિનિટ સુધી બેસાડી રખાયો હતો. આ દરમિયાન કોઇનો ફોન આવ્યો હતો જેમાં તેણે બ્રાહ્મણો અંગે વાંધાજનક ટિપ્પણી કરી હતી. જ્યારે પ્રશાસનનો દાવો છે કે તેમના પર કોઈ પણ પ્રકારનું દબાણ નહોતું. અલંકાર દ્વારા રાજીનામુ આપવામાં આવ્યું તે બાદ સરકારે તેમને સસ્પેન્ડ કરી દીધા છે. તેમણે કહ્યું હતું કે યુજીસીના નવા નિયમો સામાન્ય વર્ગ, ખાસ કરીને સવર્ણ સમાજના બાળકોનું ભવિષ્ય ખતરામાં મુકી શકે છે. નિયમો મુજબ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ભૂમિહાર સમાજ જેવા સામાન્ય કેટેગરીના લોકોને ગુનેગાર જોવામાં આવી રહ્યા છે. વિવાદ વચ્ચે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે યુજીસીના નવા નિયમોથી કોઈની પણ સાથે ભેદભાવ નહીં થાય તેની હું ખાતરી આપું છું.

કપડાં પરથી કરાઈ મૃતદેહોની ઓળખ | બારામતીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન ક્રેશ થઇ ગયું

## મહારાષ્ટ્રમાં વિમાન દુર્ઘટના : ડેપ્યુટી સીએમ અજિત પવાર સહિત પાંચ મોત

। એજન્સી, મુબંઇ, તા.૨૮ ।

મહારાષ્ટ્રમાં એક મોટી દુર્ઘટના સર્જાયાની માહિતી સામે આવી છે. અહીં બારામતીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન ક્રેશ થઈ ગયું છે. આ દુર્ઘટના લેન્ડિંગ સમયે સર્જાઈ હોવાની જાણકારી છે. મળતી માહિતી અનુસાર આ વિમાનમાં અજિત પવાર હાજર પણ હાજર હતા. ડીજીસીએના અહેવાલો અનુસાર અજિત પવાર સહિત ૫ લોકોનું નિધન થઈ ગયું છે. વિમાનમાં અજિત પવાર સહિત બે પાઈલટ, ૧ ક્રૂ મેમ્બર અને ૧ અન્ય વ્યક્તિનું મોત નિપજ્યું છે. આ સાથે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે અમને આશા હતી કે અજિત પવાર રાજકારણમાં લાંબી ઈનિંગ રમશે પણ એવું ના થયું. આ ઘટનાને લઈને સમગ્ર મહારાષ્ટ્રમાં આગામી ત્રણ દિવસ સુધી રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદીએ શરદ પવાર જોડે વાતચીત કરીને તેમને સાંત્વના આપી હતી. આ સાથે અજિત પવારની આવતીકાલે ૧૧ વાગ્યે અંતિમવિધિ કરવામાં આવશે તેવો નિર્ણય લેવાયો હતો.

આ ઘટના પછી પોલીસ અને તપાસ એજન્સીઓના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. જો કે, મૃતદેહો ક્ષતવિક્ષત થઈ ગયા હોવાથી ઓળખ કરવી મુશ્કેલ હતી. આ સ્થિતિમાં અજિત પવારની ઓળખ કપડાં અને ઘડિયાળ પરથી કરાઈ હતી.

બારામતીમાં ક્રેશ થયેલું વિમાન લિયરજેટ ૪૫ હતું, જેનું વજન ૯,૭૫૨ કિલો હતું. આ



દુર્ઘટના વખતે વિમાનનું સુકાન ફર્સ્ટ ઓફિસર કેપ્ટન શાંભવી પાઠક પાસે હતું. શાંભવી પાઠક ઉડ્ડયન ક્ષેત્રે બહોળો અનુભવ અને તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા હતા. શાંભવી પાઠકે પ્રારંભિક શિક્ષણ દિલ્હીની પ્રતિષ્ઠિત 'એરફોર્સ બાલ ભારતી સ્કૂલ'માંથી કર્યો હતો. આકાશમાં ઉડવાનું સપનું સેવનાર શાંભવી પાઠકે મુંબઈ યુનિવર્સિટીમાંથી એરોનોટિક્સ/એવિએશન/એરોસ્પેસ સાયન્સ અને ટેકનોલોજીમાં બી.એસસી. ડિગ્રી હાંસલ કરી હતી. ત્યાર પછી પાયલોટ બનવા ખાસ તાલીમ લેવા 'ન્યૂઝીલેન્ડ ઈન્ટરનેશનલ કોમર્શિયલ પાયલોટ એકેડેમી'માંથી વ્યવસાયિક તાલીમ લીધી હતી. આ દુર્ઘટના બાદ ઉડ્ડયન જગત અને શાંભવી પાઠકના પરિવારમાં પણ શોકની લહેર પ્રસરી ગઈ છે. હાલ તપાસ એજન્સીઓ આ અકસ્માતના ચોક્કસ કારણો જાણવા માટે પ્રયત્નશીલ છે.આ દુર્ઘટનામાં અજિત પવાર સહિત કેપ્ટન સુમિત કપૂર (પાઈલટ-ઈન-કમાન્ડ), કેપ્ટન શામ્ભવી પાઠક (ફર્સ્ટ ઓફિસર), વિદીપ જાધવ (પર્સનલ સિક્યુરિટી ઓફિસર) અને પિંકી માલી (ફ્લાઈટ એટેન્ડન્ટ) એમ પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્રમાં એક મોટી દુર્ઘટના સર્જાયાની માહિતી સામે આવી છે. અહીં બારામતીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન ક્રેશ થઈ ગયું છે.

# બરફનું અભૂતપૂર્વ તોફાન : અડધું અમેરિકા બાનમાંડ । અમેરિકા કુદરતના કેર સામે લાચાર







લાસ : દુનિયામાં પોતાની જોહુકમી ચલાવતું અમેરિકા કુદરતના કેર સામે લાચાર છે. મધ્ય અમેરિકામાં શુક્રવારથી જ બરફીલો ઠંડો પવન ફુંકાવાનું અને ઉત્તર-પશ્ચિમી ટેક્સાસથી ઓક્લાહોમા સિટી સુધીના વિસ્તારોમાં હિમવર્ષા શરૂ થઈ ગયા છે. વધુમાં 'વિન્ટર સ્ટોર્મ ફર્ન' શનિવાર અને રવિવારે અડધાથી વધુ અમેરિકા પર ત્રાટકવાની આશંકા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વિન્ટર સ્ટોર્મ ઓક્લાહોમા સિટીથી લઈને ન્યૂયોર્ક, બોસ્ટન સુધી ૨૩૦૦ માઈલ વિસ્તારમાં ફેલાઈ શકે છે, જેને પગલે ૧૭ રાજ્યોએ ઈમરજન્સી જાહેર કરી છે તથા ૨૩ કરોડથી વધુ લોકો તેની ઝપેટમાં આવી શકે છે. બરફના તોફાનના જોખમના પગલે ૯૫૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી દેવાઈ છે. અમેરિકાના હવામાન વિભાગના અંદાજ મુજબ બરફીલું તોફાન માત્ર પર્વતીય પ્રદેશો નહીં પરંતુ મેદાની વિસ્તારોમાંથી પણ પસાર થઈ શકે છે. નેશનલ વેધર સર્વિસે પૂર્વીય ટેક્સાસથી ઉત્તરીય કેરોલીના સુધી બરફના થર જામી શકે છે. આ તોફાનથી પડનારો બરફ અને હિમપ્રપાત ટેક્સાસથી લઈને ન્યૂ ઈંગ્લેન્ડ સુધી ૨,૩૦૦થી વધુ માઈલના ક્ષેત્રમાં ફેલાઈ શકે છે, જેને પગલે આખા દેશમાં ઠંડા પવન ફૂંકાશે. બરફના તોફાનના કારણે ૯૫૦૦ ફ્લાઈટ્સ રદ કરી દેવાઈ છે, જેના કારણે હજારો પ્રવાસીઓના કાર્યક્રમો ખોરવાઈ ગયા છે. ફ્લાઈટ અવેરના આંકડા મુજબ શનિવારે કુલ ૩૫૮૧ ફ્લાઈટ્સ જ્યારે રવિવારે ૬,૧૫૦ ફ્લાઈટ્સ રદ કરી દેવાઈ છે.

## ઓરીએ સારા વિશે ભદ્દી મજાક કરતાં બંનેની દોસ્તીમાં તિરાડ



। એજન્સી, મુંબઇ, તા.૨૮ ।

પોતાની ચિત્રવિચિત્ર હરકતો માટે બદનામ સોશિયલ મીડિયા પર્સનાલિટી ઓરહાન અવતરામાની ઉર્ફે ઓરીએ તાજેતરમાં સારા અલી ખાન વિશે એક ભદ્દી મજાક કરતાં બંનેની દોસ્તીમાં તિરાડ પડી ગઈ છે. સારા અલી ખાન તથા તેના ભાઈ ઈબ્રાહિમ અલી ખાન બંનેએ ઓરીને અનફોલો કરી દીધો છે. ઓરી અનેક બોલિવુડ સેલિબ્રિટીનો અંગત મિત્ર છે. ખાસ કરીને જાહ્નવી કપૂર સાથે તેની નિકટતા જાણીતી છે. જોકે, ઓરીને બોલિવુડ કલાકારો આટલું મહત્વ શા માટે આપે છે તે હજુ સુધી કોઈને સમજાયું નથી. ઓરીએ તાજેતરમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં સારાની હિટ ફિલ્મોની સંખ્યા આંતરવસ્ત્રોની લંબાઈ જેટલી ટૂંકી છે તેવી મજાક કરી હતી. તે પછી સોશિયલ મીડિયા યૂઝર્સએ તેના પર ભારે પસ્તાળ પાડી હતી. કેટલાક ચાહકોએ લખ્યું હતું કે પોતે જાહ્નવી સહિતના અમુક બોલિવુડ સ્ટાર્સને ઓરી જેવા વાહિયાત માણસ સાથેની નિકટતાને કારણે અનફોલો કર્યા છે. ઓરીએ એક પોસ્ટમાં સારા, અમૃતા અને પલક સૌથી બકવાસ નામો હોવાનું ગણાવ્યું હતું. સારાએ ઓરીની હરકતોનો સીધો જવાબ આપવાને બદલે એક ગીતના' પ્રતિભાશાળી લોકો વિવાદોમાં નથી પડતા' એવા શબ્દો શેર કર્યા હતા.

### એફટીએ માટે દાયકાઓથી અટકી અટકીને ચાલતી વાટાઘાટોનો આખરે અંત

## ભારત અને ઈયુની ટ્રેડ ડીલથી બાંગ્લાદેશની મુશ્કેલી વધી । અબજોના વેપાર સામે સર્જાશે પડકાર !!!!!!

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન યુનિયનના નેતાઓ ઉર્સુલા વોન ડેર લેયને અને ઓન્ટેનિઓ કોસ્ટાએ 'મધર ઓફ ઓલ ડીલ્સ' ગણાવી**

। એજન્સી, નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત અને ઈયુ વચ્ચે મંગળવારે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર 'એફટીએ' થઈ ગયો, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન યુનિયનના નેતાઓ ઉર્સુલા વોન ડેર લેયને અને ઓન્ટેનિઓ કોસ્ટાએ 'મધર ઑફ ઓલ ડીલ્સ' ગણાવી હતી. વૈશ્વિક તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ભારત અને ઈયુ વચ્ચે એફટીએ માટે દાયકાઓથી અટકી અટકીને ચાલતી વાટાઘાટોનો આખરે અંત આવ્યો છે. આ વેપાર કરાર બંને પક્ષોને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે વ્યૂહાત્મક રક્ષણ પૂરું પાડશે. આ કરાર હેઠળ ભારતનો ૯૩ ટકા સામાન ઈયુમાં ડ્યુટી ફ્રી થશે જ્યારે ઈયુના ૯૦ ટકા સામાન પર ઈમ્પોર્ટ ડ્યુટી સમાપ્ત થઈ જશે અથવા ઘટી જશે, જેને પગલે બંને પક્ષો વચ્ચેનો વેપાર ૨૦૩૧ સુધીમાં ૫૧ અબજ ડૉલર (રૂ. ૪.૬૮ લાખ કરોડ) સુધી પહોંચવાનો અંદાજ છે. આ કરારથી ભારત અને ઈયુની ચીન અને અમેરિકા પરની નિર્ભરતા ઘટી જશે.આ કરાર બાદ ભારતીય કાપડ અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી માટે મોટી તકો ખૂલતી દેખાઈ રહી છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મંગળવારે કહ્યું હતું કે, આ કરારથી ભારતના ટેક્સટાઈલ નિકાસમાં મોટો



ઉછાળો આવી શકે છે અને આ સેક્ટર ટૂંકા ગાળામાં વર્તમાન ૭ અબજ ડૉલરથી વધીને ૩૦થી ૪૦ અબજ ડૉલર સુધી પહોંચવાની ક્ષમતા રાખે છે. તેનાથી આ શ્રમ-પ્રધાન ક્ષેત્રમાં ૬૦-૭૦ લાખ નવી નોકરીઓનું સર્જન થવાની સંભાવના છે.પીયૂષ ગોયલે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે, 'ઘણીવાર એ સવાલ પૂછવામાં આવતો હતો કે, ટેક્સટાઈલ નિકાસમાં બાંગ્લાદેશ ભારતથી આટલો આગળ કેમ છે. તો વાસ્તવમા બાંગ્લાદેશ એક 'ઓછો વિકસિત દેશ' છે, તેથી તેને યુરોપિયન બજારમાં ઝીરો ડ્યુટીનો લાભ મળે છે. આ જ કારણ છે કે બાંગ્લાદેશે ઈયુના ૨૫૦ અબજ ડૉલરના કાપડ બજારમાંથી ૩૦ અબજ ડૉલર પર કબજો જમાવી લીધો છે. ભારત હાલમાં માત્ર ૭ અબજ ડૉલરની નિકાસ કરે છે અને ભારતીય માલ પર ૧૨% સુધીની ડ્યુટી લાગે છે. આ એફટીએ લાગુ થતાંની સાથે જ ભારત ડ્યુટીના મામલે બાંગ્લાદેશની સમકક્ષ આવી જશે, જેનાથી ભારતીય નિકાસકારો માટે સ્પર્ધા કરવાનું સરળ બનશે.'

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ભારતમાં ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી કૃષિ પછી બીજું સૌથી મોટું રોજગાર આપનારું ક્ષેત્ર છે, જેમાં લગભગ ૪ કરોડ લોકો કામ કરે છે. વર્તમાનમાં ભારત યુરોપિયન યુનિયનને વાર્ષિક લગભગ ૭ અબજ ડૉલરના ટેક્સટાઈલ અને એપરલની નિકાસ કરે છે.

### ઈમિગ્રેશન અધિકારીઓને મિનેસોટામાંથી પાછા બોલાવવા માગ

## મિનિયાપોલિસમાં આઈસીઈ એજન્ટોએ વધુ એક અમેરિકનને ઠાર કરતા હોબાળો

**એલેક્સ પ્રેટી મહિલા દેખાવકારને બચાવવા જતા મોતને ભેટયો**
**મિનિયાપોલિસ, ન્યૂયોર્ક, વોશિંગ્ટન ડીસીમાં પણ દેખાવો**

। એજન્સી, મિનિયાપોલિસ, તા. ૨૮ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદે વસાહતીઓ વિરુદ્ધ આકરી કાર્યવાહીના ભાગરૂપે આઈસીઈ એજન્ટોએ મિનેસોટાના શહેર મિનિયાપોલિસમાં ઘરે ઘરે જઈને તપાસ અભિયાન હાથ ધર્યુ છે. આ કાર્યવાહીમાં આઈસીઈ એજન્ટોએ શનિવારે વધુ એક અમેરિકન યુવકને ઠાર કરતાં ભારે હોબાળો મચી ગયો છે. આ ઘટનાના પગલે મિનિયાપોલિસમાં આઈસીઈ એજન્ટો વિરુદ્ધ દેખાવો ઉગ્ર થઈ ગયા છે. મિનેસોટાના ગવર્નર ટીમ વોલ્ઝે ટ્રમ્પ સરકારને આઈસીઈ એજન્ટોને પાછા બોલાવવા માગ કરી.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં સત્તા સંભાળ્યા પછી ગેરકાયદે વસાહતીઓ સામે આકરી કાર્યવાહી શરૂ કરી છે, જેના ભાગરૂપે મિનેસોટાના મિનિયાપોલીસમાં આઈસીઈ એજન્ટો ઘરે ઘરે જઈને વસાહતીઓની ધરપકડ કરે છે. જોકે, મિનિયાપોલિસમાં આઈસીઈ એજન્ટોએ ગેરકાયદે વસાહતીઓના બદલે આ મહિનામાં બે અમેરિકનોને ઠાર કરતાં ભારે વિવાદ સર્જાયો છે.આઈસીઈ એજન્ટોએ ૩૭ વર્ષના પુરુષ નર્સ એલેક્સ જેફ્રી પ્રેટીની ગોળી મારી હત્યા કરતા સેંકડો દેખાવકારો રસ્તા પર આવી ગયા હતા. મિનિયાપોલિસમાં આ પહેલાં આઈસીઈ એજન્ટોએ અમેરિકન મહિલા રેની ગૂડને ગોળી માર્યા પછી લોકોમાં ભારે આક્રોશ હતો. આવા સમયે એજન્ટોના હાથે વધુ એક અમેરિકન યુવકની હત્યાની ઘટનાએ વધુ ઘેરા પ્રત્યાઘાત સર્જ્યા છે.એલેક્સ જેફ્રી પ્રેટીની મોત બાદ મિનિયાપોલિસના અનેક વિસ્તારોમાં સેંકડો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. દેખાવકારોને રોકવા માટે ફેડરલ એજન્ટ્સે ટિયર ગેસ અને સ્ટન ગ્રેનેડનો ઉપયોગ કરવો પડયો હતો. આ સાથે ન્યૂયોર્ક, વોશિંગ્ટન ડીસી અને સેન ફ્રાન્સિસ્કોમાં પણ દેખાવો શરૂ થઈ ગયા હતા. શનિવારે વિન્ટર સ્ટોર્મ ફર્મની અસર હેઠળ હાડ થીજાવતી ઠંડી છતાં લોકો પ્રેટીના મેમોરિયલ પર પહોંચ્યા હતા. જોકે, હોમલેન્ડ સિક્યોરિટી વિભાગે એલેક્સ પ્રેટી બંદૂક લઈને એજન્ટો તરફ આગળ વધી રહ્યો હોવાનો અને તેની પાસેથી બંદૂક આંચકી લેવાનો પ્રયાસ કરતી વખતે એજન્ટોએ પોતાના બચાવમાં ગોળીબાર કર્યાનો દાવો કર્યો હતો.

## દિશા પટાણી તલવિંદર સાથેના સંબંધોની પરોક્ષ ઘોષણા કરી



। એજન્સી, મુંબઈ, તા.૨૮ ।

દિશા પટાણીએ પંજાબી સિંગર તલવિંદર સાથેના પોતાના સંબંધાની પરોક્ષ ઘોષણા કરી છે. તાજેતરમાં મુંબઈમાં એક ઈવેન્ટમાં બંનેએ હાથમાં હાથ પરોવીને સાથે એન્ટ્રી કરી હતી. તે પરથી તેમની ડેટિંગની અફવાને બળ મળ્યું છે. થોડા દિવસો પહેલાં નુપુર સેનનના લગ્નમાં દિશા અને તલવિંદર વચ્ચે આત્મીયતા જોવા મળી હતી. ત્યારથી બંને વચ્ચે રોમાંસ ચાલી રહ્યો હોવાની અફવા છે.ભૂતકાળમાં દિશા પટાણી ટાઈગર શ્રોફને ડેટ કરતી હતી. તેઓ લગ્ન કરવાના છે તેવી પણ ચર્ચા હતી. પરંતુ ટાઈગરને પોતાની કારકિર્દી પ્રત્યે ધ્યાન આપવું હોવાથી તેને લગ્ન કરવામાં રસ નહોતો. પરિણામે તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું.

દિશા પટાણીએ પંજાબી સિંગર તલવિંદર સાથેના પોતાના સંબંધાની પરોક્ષ ઘોષણા કરી છે. તાજેતરમાં મુંબઈમાં એક ઈવેન્ટમાં બંનેએ હાથમાં હાથ પરોવીને સાથે એન્ટ્રી કરી હતી. તે પરથી તેમની ડેટિંગની અફવાને બળ મળ્યું છે. થોડા દિવસો પહેલાં નુપુર સેનનના લગ્નમાં દિશા અને તલવિંદર વચ્ચે આત્મીયતા જોવા મળી હતી. ત્યારથી બંને વચ્ચે રોમાંસ ચાલી રહ્યો હોવાની અફવા છે.ભૂતકાળમાં દિશા પટાણી ટાઈગર શ્રોફને ડેટ કરતી હતી. તેઓ લગ્ન કરવાના છે તેવી પણ ચર્ચા હતી. પરંતુ ટાઈગરને પોતાની કારકિર્દી પ્રત્યે ધ્યાન આપવું હોવાથી તેને લગ્ન કરવામાં રસ નહોતો. પરિણામે તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું.

## ચીનના એપ સ્ટોર્સ પર 'આર યુ ડેડ?' : એપ્લિકેશન વાયરલ થઈ

। એજન્સી, બેઈજિંગ, ૨૮ ।

જાન્યુઆરી, ૨૦૨૫માં ચીની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોડલ ડીપ સીક ચર્ચામાં આવ્યું હતું. ૨૦૨૬માં ચીનની એક વિચિત્ર એપ ચર્ચામાં આવી છે. આ એપનું નામ 'આર યુ ડેડ? છે. રિપોર્ટ મુજબ, આ વિચિત્ર એપ ચીનના એપ સ્ટોર્સમાં ટોપ પર પહોંચી છે. આ એપની ડિઝાઈન ખૂબ જ સરળ છે. એકલા રહેતા લોકો દરરોજ એક બટન દબાવીને જણાવે છે કે, તેઓ જીવી રહ્યાં છે. જો કોઈ બે દિવસ સુધી બટન ન દબાવે તો એપ તેમના ઈમરજન્સી કોન્ટેક્ટને જાણ કરે છે. આ એપ કોઈપણ જાહેરાત વિના પોપ્યુલર થઈ છે. તેનો ઉછાળો એવા સમયે આવ્યો છે જ્યારે, ચીનમાં જન્મદર સૌથી નીચા સ્તરે પહોંચ્યો છે. લગ્નોની સંખ્યા ઘટી છે અને ડિવોર્સના કેસ વધી રહ્યાં છે. ઘણા લોકોને લાગ્યું કે, આ એપને વૃદ્ધો માટે બનાવવામાં આવી હશે. પરંતુ, તેને જેન-ઝી ડેવલપર્સની ટીમે બનાવી છે.

તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, તેઓ પોતાના શહેરી એકલતાના અનુભવથી પ્રેરાયા હતા. એક અંદાજ મુજબ, ૨૦૩૦ સુધીમાં ચીનમાં એકલા રહેતા વ્યક્તિઓની સંખ્યા ૨૦ કરોડ થઈ જશે.ગત અઠવાડિયે આ એપને ચીનના એપ સ્ટોર્સમાંથી હટાવી લેવામાં આવી હતી. હાલમાં તેના ડેવલપર્સ એપ માટે નવું નામ શોધવા લોકોની સલાહ માંગી રહ્યાં છે.

## ૧૫ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ, વધુ એક દેશની સંસદમાં બિલ મંજૂર

। એજન્સી, ફ્રાન્સ, તા.૨૮ ।

ફ્રાન્સ સરકારે બાળકો અને સગીરોના ડિજિટલ સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મોટું અને કડક પગલું ભર્યું છે. ફ્રાન્સની નેશનલ એસેમ્બલીએ એક નવો કાયદો પસાર કર્યો છે, જે હેઠળ ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ વાપરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે.ઓનલાઈન બુલિંગ એટલે કે માનસિક પજવણી, વધતી હિંસા અને બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પડતી નકારાત્મક અસરોને રોકવા માટે આ નિર્ણય લેવાયો છે.

રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને અગાઉ પણ સોશિયલ મીડિયાને યુવાનોમાં વધતી આક્રમકતા માટે જવાબદાર ગણાવ્યું હતું. મેક્રોન ઈચ્છે છે કે આગામી શૈક્ષણિક સત્ર એટલે કે સપ્ટેમ્બર પહેલા આ કાયદો દેશભરમાં લાગુ થઈ જાય.સંસદમાં આ બિલ રજૂ કરતા સાંસદ લોર મિલરે ચિંતા વ્યક્ત કરી હતી કે, 'બાળકો ભણવાનું ઓછું અને સોશિયલ મીડિયામાં વધુ ધ્યાન આપે છે, જેથી આ કાયદા દ્વારા સમાજમાં એક સ્પષ્ટ સીમા નક્કી કરવામાં આવી રહી છે. કારણ કે, -બાળકો પહેલા કરતા ઘણું ઓછું વાંચી રહ્યા છે.-તેમની ઊંઘમાં ઘટાડો થયો છે.તેઓ સતત પોતાની સરખામણી બીજા સાથે કરીને માનસિક તણાવ અનુભવે છે.ફ્રાન્સ પહેલા ઓસ્ટ્રેલિયાએ ડિસેમ્બર મહિનાથી ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો છે. હવે બ્રિટન, ડેનમાર્ક, સ્પેન અને ગ્રીસ જેવા દેશો પણ આ મોડલનો અભ્યાસ કરી રહ્યા છે. યુરોપિયન યુનિયન પણ સમગ્ર યુરોપ માટે સોશિયલ મીડિયાના ઉપયોગની લઘુત્તમ ઉંમર નક્કી કરવા પર વિચાર કરી રહ્યું છે.

### ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સોદાની વાટાઘાટો હજુ અદ્ધરતાલ

### રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ ટ્રમ્પે દંડ સ્વરૂપે ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ નાંખતા કુલ ટેરિફ ૫૦ ટકા થઈ ગયો હતો

## ભારતે રશિયન ક્રૂડની ખરીદી બંધ કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ ૨૫ ટકા ઘટાડવા તૈયાર

। એજન્સી , વોશિંગ્ટન, તા.૨૮ ।

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સોદાની વાટાઘાટો હજુ અદ્ધરતાલ છે તેવા સમયે અમેરિકન નાણામંત્રી સ્કોટ બેસેન્ટે સંકેત આપ્યા છે કે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત પરનો ૨૫ ટકા ટેરિફ ઘટાડી શકે છે. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ ટ્રમ્પે દંડ સ્વરૂપે ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ નાંખતા કુલ ટેરિફ ૫૦ ટકા થઈ ગયો હતો. બીજીબાજુ યુરોપીયન યુનીયનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર ભારત સાથે એફટીએ માટે દિલ્હી પહોંચી ગયા છે. ભારત સાથેના આ વેપાર કરારને તેમણે 'મધર ઓફ ઓલ ડીલ્સ' ગણાવી હતી. આ સાથે ક્યુબાએ પણ ભારત સાથે આર્થિક સંબંધો મજબૂત કરવા વેપાર કરાર કરવાની તૈયારી દર્શાવી છે.અમેરિકન નાણામંત્રી સ્કોટ બેસેન્ટે દાવોસમસાં જણાવ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પે ભારત પર દંડ સ્વરૂપે લગાવેલા ૨૫ ટકા ટેરિફ હટાવવામાં આવી શકે છે. ભારતે હવે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ખૂબ જ મોટા પ્રમાણમાં ઘટાડી દીધી છે. એટલે કે લગભગ બંધ જ કરી દીધી છે. ભારતને રશિયન ક્રૂડ ઓઈલ ખરીદતું રોકવું એ અમેરિકા માટે આ ખૂબ જ મોટી સફળતા છે.ભારત રશિયા પાસેથી જંગી પ્રમાણમાં ક્રૂડ ઓઈલની ખરીદી કરતું હોવાથી ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરિફ ઉપરાંત ટ્રમ્પે દંડ સ્વરૂપે ૨૫ ટકા ટેરિફ નાંખતા ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ થઈ ગયા હતા. આ સિવાય ટ્રમ્પે ઈરાન સાથે વેપાર બદલ પણ વધુ ૨૫ ટકા ટેરિફ નાંખવાની જાહેરાત કરી હતી, જેથી ભારત પરના ટેરિફ ૭૫ ટકા થવાનું જોખમ હતું. જોકે, પ્રમુખ ટ્રમ્પે આ અંગે હજુ સુધી કોઈ જાહેરનામું બહાર પાડયું નથી તેમજ ભારતે પણ ઈરાનના ચાબહાર બંદર પરનો કારોબાર બંધ કરી દીધો હોવાથી હાલ ભારત પર ૫૦ ટકા ટેરિફ છે. ટ્રમ્પ ૨૫ ટકા ટેરિફ ઘટાડે તો ભારત પર ૨૫ ટકા ટેરિફ રહી જશે.અમેરિકન નાણામંત્રી સ્કોટ બેસેન્ટે જણાવ્યું કે અમેરિકાના ટેરિફના કારણે ભારતીય રિફાઈનરીઓએ રશિયન ક્રૂડ ઓઈલની ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે સંકેત આપ્યા કે હાલ ટેરિફ હજુ લાગુ છે, પરંતુ તેને હટાવવાનો એક કૂટનીતિક રસ્તો છે. શરત માત્ર એટલી છે કે ભારત પોતાના ઊર્જા સ્રોતોમાં પરિવર્તન લાવે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ટેરિફનો વ્યાપારિક ઉપાય અમેરિકાના અર્થતંત્રને નક્કર લાભ પહોંચાડે છે. અમેરિકન કોંગ્રેસમાં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદનારા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ નાંખવાના બિલ પર ચર્ચા થવાની છે તેવા સમયે સ્કોટ બેસેન્ટે ભારત પર ટેરિફ ઘટાડવાના સંકેતો એવા સમયે આપ્યા છે. દરમિયાન યુરોપીયન યુનીયનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર નવી દિલ્હી પહોંચી ગયા છે.




**સાઉદીનો મોટો નિર્ણય** — સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનએ મંગળવારે મોડી રાત્રે ઈરાની પ્રમુખ મસૂદ પેજેશ્કિયાન સાથે ફોન પર વાત કરી આ ખાતરી આપી

## અમેરિકાને ઈરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી માટે એરસ્પેસ નહીં વાપરવા દે

। પ્રતિનિધિ, કોહિમા, તા,૨૭ ।

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે સાઉદી અરેબિયાએ સ્પષ્ટ કર્યુ છે કે તે તેહરાન વિરુદ્ધ કોઈપણ સૈન્ય કાર્યવાહી માટે કોઈ પણ દેશને પોતાના હવાઈ ક્ષેત્ર અથવા જમીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે નહીં. સાઉદી પ્રેસ એજન્સીના જણાવ્યા અનુસાર, સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનએ મંગળવારે મોડી રાત્રે ઈરાની પ્રમુખ મસૂદ પેજેશ્કિયાન સાથે ફોન પર વાત કરી આ ખાતરી આપી હતી. વાતચીત દરમિયાન સાઉદી અરેબિયાએ ઈરાનની સાર્વભૌમત્વ પ્રત્યેના સન્માનની પુષ્ટિ કરી હતી. ક્રાઉન પ્રિન્સે સ્પષ્ટ કર્યુ કે સાઉદી અરેબિયા પોતાના ક્ષેત્રને તેના



પ્રાદેશિક પ્રતિસ્પર્ધી (ઈરાન) વિરુદ્ધ કોઈપણ સૈન્ય હુમલા માટે 'લોન્ચપ‍ેડ' તરીકે ઉપયોગ કરવા દેશે નહીં. આ નિર્ણયને પ્રાદેશિક સ્થિરતા જાળવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે.સાઉદી અરેબિયાની જેમ જ સંયુક્ત આરબ અમીરાતએ પણ કડક વલણ અપનાવ્યું છે. યુએઈ ના વિદેશ મંત્રાલયે સોમવારે એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે તેમનો દેશ પોતાના હવાઈ ક્ષેત્ર, જમીન કે સમુદ્રનો ઉપયોગ ઈરાન વિરુદ્ધ કોઈપણ સૈન્ય કાર્યવાહી માટે થવા દેશે નહીં. યુએઈ એ ક્ષેત્રીય તટસ્થતા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી છે.આ નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે અમેરિકાના એરક્રાફ્ટ કેરિયર્સ અને યુદ્ધ જહાજો મધ્ય પૂર્વમાં પહોંચી ગયા છે. યુએસ નેવીનું 'અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ' સોમવારે સેન્ટ્રલ કમાન્ડના વિસ્તારમાં પહોંચ્યું હતું. આ જહાજોને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાંથી હટાવીને ખાસ ઈરાન સાથેના વધતા તણાવને પહોંચી વળવા માટે અહીં મોકલવામાં આવ્યા છે, જેનાથી ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા હવાઈ હુમલાની અટકળો તેજ થઈ છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર સખત વલણ ધરાવે છે અને તેહરાન પર હવાઈ હુમલાના આદેશ આપી શકે તેવી શક્યતાઓ વચ્ચે મુસ્લિમ દેશોનું આ વલણ અમેરિકા માટે પડકારરૂપ બની શકે છે. જો સાઉદી અને યુએઈ રસ્તો ન આપે તો અમેરિકાએ હુમલા માટે લાંબો અને ખર્ચાળ માર્ગ અપનાવવો પડી શકે છે.મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે સાઉદી અરેબિયાએ સ્પષ્ટ કર્યુ છે કે તે તેહરાન વિરુદ્ધ કોઈપણ સૈન્ય કાર્યવાહી માટે કોઈ પણ દેશને પોતાના હવાઈ ક્ષેત્ર અથવા જમીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે નહીં. સાઉદી પ્રેસ એજન્સીના જણાવ્યા અનુસાર, સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનએ મંગળવારે મોડી રાત્રે ઈરાની પ્રમુખ મસૂદ પેજેશ્કિયાન સાથે ફોન પર વાત કરી આ ખાતરી આપી હતી.

## સળંગ ચાર દિવસ બેન્ક બંધ રહેતા કરોડોના વ્યવહારો અટક્યા

# સુરેન્દ્રનગરમાં ૫ દિવસ વકગની માંગ સાથે બેન્ક કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૮ ।

સુરેન્દ્રનગરમાં બેંક કર્મચારીઓ દ્વારા એક સપ્તાહમાં પાંચ દિવસ કામ કરવા અંગેની માંગ સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ૫૦૦થી વધુ બેંક કર્મચારીઓ દ્વારા વિરોધ નોંધાવી અને પડતર પ્રશ્નોના નિવેળા માટે માંગ કરવામાં આવી છે.હાલના બેંકના કર્મચારીઓને બીજા અને ચોથા શનિવારે રજા મળે છે તેના સ્થાને તમામ શનિ રવિના દિવસોમાં રજા આપ વામાં આવે તેવી બેંક કર્મચારીઓ છેલ્લા બે વર્ષથી માંગ કરી રહ્યાં છે. પરંતુ તેનો કોઈ નિર્ણય કરવામાં આવી રહ્યો નથી. જેને લઈને સુરેન્દ્રનગરની એસ.બી.આઈ, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, બેન્ક ઓફ ઈન્ડિયા ઈન્ડિયન, ઓવરસીઝ બેન્ક સહિતના બેંકોના કર્મચારીઓ હડતાલ ઉપર ઉતર્યા છે.એસબીઆઈ બેન્ક ખાતે અલગ-અલગ બેંકોના ૫૦૦ જેટલા કર્મચારીઓ દ્વારા એકત્રિત થઈ અને સૂત્રોચાર કરવામાં આવ્યા છે. બેંક કર્મીઓ સરકાર દ્વારા નિર્ણય કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે. અગામી દિવસોમાં યુનાઈટેડ ફોર્મ ઓફ ઈન્ડિયા યુનિયન જે કાંઈ કાર્યક્રમો આપશે તે પ્રમાણે કાર્યક્રમો કરવા અંગેની ચીમકી પણ હડતાલ ઉપર ઉતરેલા કર્મચારીઓ દ્વારા આપવામાં આવી છે.૨૪મી ચોથો શનિવાર હોવાના કારણે રજા, રવિવારની જાહેર રજા, સોમવારે પ્રજાસત્તાક દિવસની રજા હતી અને મંગળવારે કર્મચારીઓ સ્ટ્રાઈક ઉપર ઉતરી ગયા છે. સળંગ ચાર દિવસ બંધ રહેતા નાણાકીય લેવડદેવડના વ્યવહારો અટકી ગયા છે.

સામાન્ય માણસોને પૈસા ઉપાડવા, જમા કરાવા સહિતના કામો અટવાયા હતા. ૨૪મી ચોથો શનિવાર હોવાના કારણે રજા, રવિવારની જાહેર રજા, સોમવારે પ્રજાસત્તાક દિવસની રજા હતી અને મંગળવારે કર્મચારીઓ સ્ટ્રાઈક ઉપર ઉતરી ગયા છે. સળંગ ચાર દિવસ બંધ રહેતા નાણાકીય લેવડદેવડના વ્યવહારો અટકી ગયા છે. સામાન્ય માણસોને પૈસા ઉપાડવા, જમા કરાવા સહિતના કામો અટવાયા હતા.

### ૫૦૦થી વધુ બેંક કર્મચારીઓ દ્વારા વિરોધ નોંધાવી અને પડતર પ્રશ્નોના નિવેળા માટે માંગ કરવામાં આવી







સુરેન્દ્રનગરમાં બેંક કર્મચારીઓ દ્વારા એક સપ્તાહમાં પાંચ દિવસ કામ કરવા અંગેની માંગ સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ૫૦૦થી વધુ બેંક કર્મચારીઓ દ્વારા વિરોધ નોંધાવી અને પડતર પ્રશ્નોના નિવેળા માટે માંગ કરવામાં આવી છે.હાલના બેંકના કર્મચારીઓને બીજા અને ચોથા શનિવારે રજા મળે છે તેના સ્થાને તમામ શનિ રવિના દિવસોમાં રજા આપવામાં આવે તેવી બેંક કર્મચારીઓ છેલ્લા બે વર્ષથી માંગ કરી રહ્યાં છે. પરંતુ તેનો કોઈ નિર્ણય કરવામાં આવી રહ્યો નથી. જેને લઈને સુરેન્દ્રનગરની એસ.બી.આઈ, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, બેન્ક ઓફ ઈન્ડિયા ઈન્ડિયન, ઓવરસીઝ બેન્ક સહિતના બેંકોના કર્મચારીઓ હડતાલ ઉપર ઉતર્યા છે.એસબીઆઈ બેન્ક ખાતે અલગ-અલગ બેંકોના ૫૦૦ જેટલા કર્મચારીઓ દ્વારા એકત્રિત થઈ અને સૂત્રોચાર કરવામાં આવ્યા છે. બેંક કર્મીઓ સરકાર દ્વારા નિર્ણય કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે. અગામી દિવસોમાં યુનાઈટેડ ફોર્મ ઓફ ઈન્ડિયા યુનિયન જે કાંઈ કાર્યક્રમો આપશે તે પ્રમાણે કાર્યક્રમો કરવા અંગેની ચીમકી પણ હડતાલ ઉપર ઉતરેલા કર્મચારીઓ દ્વારા આપવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### બિલોદરા ગામની સીમમાં વાહનની ટક્કરે અજાણ્યા શખ્સનું મોત નિપજ્યું

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૮ ।

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આવેલા બિલોદરા ગામની સીમ નજીક અજાણ્યા શખ્સનું અજાણ્યા વાહને ટક્કર મારતા ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.નડિયાદ તાલુકાના બિલોદરા ગામમાં રહેતા ચેતન રતિલાલ જાદવ સોમવારની રાત્રે ખેતરમાં આંટો મારવા ગયા હતા. ત્યારે એક્સપ્રેસ હાઈવે પર વડોદરાથી અમદાવાદ તરફ જતી લેનમાં પસાર થતા અજાણ્યા શખ્સના મોંઢા ઉપર અજાણ્યા વાહનનું ટાયર ફરી વળતા મોઢું ચપ્પટ થઈ ગયું હતું. જ્યારે તેના હાથ ઉપર ટાયર ફરી વળ્યાનું નિશાન જોવા મળ્યું હતું. આશરે ૩૦થી ૪૦વર્ષના શખ્સનું ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા નડિયાદ ગ્રામ્ય પોલીસ, પેટ્રોલિંગ વાહન, ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ કરાવવા કાર્યવાહી હાથ ધરી હતી. આ અજાણ્યા શખ્સે કેસરી કલરનું શર્ટ અને કાળા કલરનું પેન્ટ પેરેલ છે. આ અજાણ્યા શખ્સની ઓળખ થયેલી નથી. આ બનાવ અંગે ચેતનભાઈ રતિલાલ જાદવની ફરિયાદ આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### નડિયાદમાં વિદેશી દારૂ-બિયરની ૨૫૪ બોટલ સાથે શખ્સ ઝડપાયો

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૮ ।

નડિયાદ પશ્ચિમ પોલીસે સોમવારે જુના ડુમરાલ રોડ કેનાલ પાસેથી એક બુટલેગરને વિદેશી દારૂની બોટલ નંગ ૨૫૪ કિંમત રૂપિયા ૮૧ હજારના જથ્થા સાથે ઝડપી પાડયો હતો. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.નડિયાદ પશ્ચિમ પોલીસ ગઈકાલે સાંજે પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, નડિયાદ જુના ડુમરાલ રોડ કેનાલ પાસે રહેતો સુનીલ તળપ દા પોતાના ઘર પાછળ વિદેશી દારૂ સંતાડી ચોરી છૂપીથી વેચાણ કરે છે. જેથી પોલીસે રેડ પાડતા મળી આવેલા શખ્સની અટક કરી પૂછપ રછ કરતા સુનિલ રમેશભાઈ તળપદા હોવાનું જણાવ્યું હતું. તેમજ તેના ઘર પાછળ વાડામાં તપાસ કરતા વિદેશી દારૂના ૨૪૦ ક્વાર્ટરિયા (કિંમત રૂ. ૭૮,૦૦૦) તેમજ બિયરના ૧૪ ટીન (કિંમત રૂ.૩,૦૮૦) મળી કુલ રૂપિયા ૮૧,૦૮૦નો જથ્થો મળી આવ્યો હતો. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### નધાનપુરા રોડ ઉપરથી વિદેશી દારૂની ૩૮ બોટલ સાથે ગાડી ચાલક ઝડપાયો

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૮ ।

: લીંબાસી પોલીસે સોમવારની સાંજે નધાનપુરા પાલ્લા રોડ ઉપરથી ગાડીમાં વિદેશી દારૂની ૩૮ બોટલ (કિંમત રૂ. ૯,૦૦૦)ના જથ્થા સાથે ગાડીના ચાલકને ઝડપી પાડયો હતો. આ બનાવ અંગે લીંબાસી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.લીંબાસી પોલીસ સોમવારની સાંજે પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, નધાનપુરથી પાલ્લા તરફ અલ્ટો ગાડી વિદેશી દારૂ ભરીને પસાર થનાર છે. જેથી પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન નધાનપુર રોડ ઉપર ઉપર આવતી ગાડીને ઉભી રાખવા ઈશારો કરતા ગાડીના ચાલકે હંકારી મુકતા પોલીસે તેનો પીછો કરી ઝડપી પાડી ગાડીના ચાલકની પૂછપરછ કરતા રોહિત ઉર્ફે ટીનો કનુભાઈ ઠાકોર હોવાનું જણાવ્યું હતું.

## ખાનગી કંપનીઓની વીજ લાઈનોના વળતર મુદ્દે રજુઆત કરવામાં આવી

# જામનગર શહેરમાં ખેડૂતોના હિતના પ્રશ્ને ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ પદયાત્રા યોજાઇ

**ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના ડાયાભાઈ ગજેરા, પાલભાઈ આંબલીયા, નવસારીના જયેશભાઈ પટેલના નેજા હેઠળ પેલેસ રોડથી કલેક્ટર કચેરી સુધીની ખેડુત પદયાત્રા યોજાઈ**

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૮ ।

જામનગર શહેરમાં મંગળવારે તા.૨૭મીએ ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ જિલ્લાના તાલુકાઓના ખેડુતોએ પદયાત્રા યોજીને જિલ્લા કલેક્ટરને આવેદન આપીને ખેતરોમાંથી પસાર થયેલી, થતી કે થનારી ખાનગી કંપનીઓની વીજ લાઈનોના વળતર મુદ્દે રજુઆત કરવામાં આવી હતી.ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના ડાયાભાઈ ગજેરા, પાલભાઈ આંબલીયા, નવસારીના જયેશભાઈ પટેલના નેજા હેઠળ પેલેસ રોડથી કલેક્ટર કચેરી સુધીની ખેડુત પ દયાત્રા યોજાઈ હતી. જે વેળાએ પોલીસ બંદોબસ્ત રહ્યો હતો. ખેડુત અગ્રણીઓ અને ખેડુતોએ કલેક્ટર કેતન ઠક્કરને રૂબરૂ મળીને રજુઆત કરીને આવેદન આપ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં અત્યારે જે જે વીજ લાઈનો નીકળી ગઈ છે, નીકળે છે, કે નિકળવાની છે. તે તમામ વીજ લાઈનો કાઢવા માટે કલેક્ટરએ ખેડુતોને ઈ.સ. ૧૮૮૫ના ધ ટેલીગ્રાફ એક્ટ મુજબ- ૨૦૦૩ના વિદ્યુત કાયદા મુજબ નોટીસો આપી છે. જ્યારે આ જ કાયદા હેઠળ ખેડુતોને વળતક કેમ અપાતું નથી ? ઈ.સ.૧૮૮૫ અને ૨૦૦૩ના કાયદા મુજબ ઓછામાં ઓછું નુકશાન અને વધારેમાં વધારે વળતર વ્યાખ્યા મુજબ






વળતર આપવાને બદલે ખાનગી કંપ નીઓ માટે કરેલા તા.૧/૧/૨૦૧૭થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના તમામ પ રિપત્રો મુજબ જંત્રીના ભાવે વળતરની ગણતરી શા માટે કરવામાં આવે છે ? તેવા સવાલો ઉઠાવીને ૧૫ જેટલા મુદ્દાની માહિતી માંગી હતી. ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના ડાયાભાઈ ગજેરા, પાલભાઈ આંબલીયા, નવસારીના જયેશભાઈ પટેલના નેજા હેઠળ પેલેસ રોડથી કલેક્ટર કચેરી સુધીની ખેડુત પદયાત્રા યોજાઈ.

## બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી | ઘટનાને લઈને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો તાત્કાલિક કોર્ટ સંકુલમાં પહોંચી

# અમદાવાદ ગ્રામ્ય કોર્ટને ૨૫ દિવસમાં બીજી વખત ફરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં ગ્રામ્ય કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો છે. માત્ર ૨૫ દિવસના ટૂંકા ગાળામાં બીજી વખત ન્યાય સંકુલને નિશાન બનાવવામાં આવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે.મળતી માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય કોર્ટના સત્તાવાર મેઈલ આઈડી પર બોમ્બ હોવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. આ ઘટનાને લઈને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો તાત્કાલિક કોર્ટ સંકુલમાં પહોંચી હતી. કોર્ટના ગેટથી લઈને દરેક માળ અને રૂમમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ સ્થળ પર પહોંચ્યો છે અને કોર્ટમાં આવતાં-જતાં લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે, અગાઉ ગત ૫ ંચમી જાન્યુઆરીના રોજ પણ આ



જ પ્રકારે ગ્રામ્ય કોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી હતી. એરપોર્ટ અને હવે વારંવાર કોર્ટને મળતી આ ધમકીઓને પગલે તંત્ર એલર્ટમાં છે. ૨૫ દિવસમાં બીજી વાર મળેલી આ ધમકી કોઈ તોફાની તત્ત્વોનું કૃત્ય છે કે કોઈ મોટું કાવતરું, તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.વારંવાર એક જ સંસ્થાને ટાર્ગેટ કરતાં મેઈલ ક્યાંથી અને કયા આઈપી એડ્રેસ પરથી આવી રહ્યા છે, તેની તપાસ માટે અમદાવાદ સાયબર ક્રાઈમની મદદ લેવામાં આવી રહી છે. અગાઉની ધમકીના તાર અને વર્તમાન ઘટના વચ્ચે કોઈ કનેક્શન છે કે કેમ તેની પણ ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. હાલમાં સમગ્ર કોર્ટ સંકુલને પોલીસ સુરક્ષા હેઠળ રાખવામાં આવ્યું છે.અમદાવાદમાં ગ્રામ્ય કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો છે. માત્ર ૨૫ દિવસના ટૂંકા ગાળામાં બીજી વખત ન્યાય સંકુલને નિશાન બનાવવામાં આવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે.

## ગોધરા મારામારી કેસ

# પાલિકા ઉપપ્રમુખ સહિત નવ આરોપીઓને હવે જેલ જવું પડશે । ઉપલી કોર્ટે સજા યથાવત્ રાખી

### પંચમહાલ જિલ્લાના ગોધરામાં વર્ષ ૨૦૧૪માં બનેલી બહુચર્ચિત મારામારીની ઘટનામાં ન્યાયિક પ્રક્રિયાના અંતે મોટો વળાંક આવ્યો

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૨૮ ।

પંચમહાલ જિલ્લાના ગોધરામાં વર્ષ ૨૦૧૪માં બનેલી બહુચર્ચિત મારામારીની ઘટનામાં ન્યાયિક પ્રક્રિયાના અંતે મોટો વળાંક આવ્યો છે. ગોધરાની ઉપલી કોર્ટે નગરપાલિકાના ઉપપ્રમુખ અને રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો સહિત કુલ નવ આરોપીઓની ૪ વર્ષની કેદની સજા અને દંડના હુકમને યથાવત્ રાખ્યો છે. કોર્ટના આ આદેશ બાદ તમામ દોષિતોને તાત્કાલિક અસરથી જેલ ભેગા કરવાની તજવીજ હાથ ધરાઈ છે.મળતી માહિતી અનુસાર, વર્ષ ૨૦૧૪માં ગોધરા શહેરના સ્ટેશન રોડ પર બી-ડિવિઝન પોલીસ મથકની બિલકુલ સામે આવેલી ‘શંકર લોજ’ ખાતે મારામારીની ઘટના સામે આવી હતી. ટ્રાવેલ્સના વ્યવસાયની જૂની અદાવતને લઈને સુનીલ લાલવાણી, સુરેશ દેરાઈ સહિતના શખસો અને લોજના સંચાલક સતીષ હરવાણી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ અદાવત રાખીને તે જ દિવસે રાત્રે તમામ આરોપીઓએ ટોળું વળી શંકર લોજ પર હુમલો કરી સતીષ હરવાણી સાથે મારામારી કરી હતી. આ મામલે ગોધરા શહેર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.આ મામલે વર્ષ ૨૦૨૪માં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે તમામ નવ આરોપીઓને દોષિત ઠેરવી ૪ વર્ષની સાદી કેદ અને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આરોપીઓએ આ સજા સામે ઉપલી કોર્ટમાં અપીલ કરી હતી. આજે ગોધરાની સેસન્સ કોર્ટના જજ સી.કે. ચૌહાણે નીચલી કોર્ટના હુકમમાં કોઈ ફેરફાર કરવાની ના પાડી સજા યથાવત રાખવાનો આદેશ આપ્યો છે.સજા પામેલા શખસોમાં શહેરના પ્રતિષ્ઠિત અને રાજકીય કદ ધરાવતા નામો સામેલ છે.

### વડતાલમાં રહેતા સેલ્સમેનનો મોબાઈલ અપડેટ કરી રૂપિયા ૯૮ હજારની ઠગાઈ

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૮ ।

વડતાલના સેલ્સમેનની નોકરી કરતા વ્યક્તિનો મોબાઈલ અપડેટ કરી કોઈ ગઠિયાએ રૂ.૯૮,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરી છેતરપિં ડી કરી હતી. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.નડિયાદ તાલુકાના વડતાલમાં હરેકૃષ્ણ નીલકંઠ સોસાયટીમાં રહેતા મુકેશભાઈ રમેશભાઈ રાવળ સેલ્સમેનની નોકરી કરે છે. તેઓ તા.૨૧-૧-૨૦૨૫ના રોજ સેલ્સમેનની નોકરી પર હતા. ત્યારે તેઓ મોબાઈલ ફોનમાં બેટરી ચેક કરતા મોબાઈલ અપડેટ બતાવતો હતો. જેથી કંઈક અજુગતું થતું હોવાની શંકા જતા મોબાઈલમાંથી બેટરી કાઢી લીધી હતી. મોબાઈલમાં મેસેજ જોતા તેમના બેંક બરોડાના ખાતામાંથી રૂ.૯૮,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયા હતા.

### સુરેન્દ્રનગરમાં ટાવર ચોક નજીક રિક્ષામાંથી ૫ હજાર લીટર દેશી દારૂ ઝડપાયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર,તા.૨૮ ।

સુરેન્દ્રનગર - સુરેન્દ્રનગરમાં ટાવર ચોક નજીક રિક્ષામાંથી ૫૦૦૦ હજાર લીટર દેશી દારૂ સાથે દંપતી ઝડપાયું હતું. પોલીસે રૂા.૨.૩૫ લાખનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સની ધરપ કડ કરી આઠ શખ્સને ફરાર જાહેર કરી દસ શખ્સ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસે સોમવારે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમાની આધારે ટાવર પાસે વોચ ગોઠવી શંકાસ્પદ હાલતમાંથી પસાર થતી એક રિક્ષાની તલાશી લીધી હતી.

## રાજકોટમાં વધુ એક સહકારી મંડળીનું ઉઠમણું થયું

# ત્રાજ ગામના હોમગાર્ડ સાથે ફોટાની બદલે સ્કેનર મોકલી રૂપિયા ૪૬ હજારની ઠગાઈ

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૮ ।

માતર તાલુકાના ત્રાજ ગામના હોમગાર્ડ જવાનને ગઠિયાએ ‘તમારા સગાને અકસ્માત થયો છે, જેના ફોટા વોટ્સ અપ પર મોકલું છું’ તેમ કહી સ્કેનર મોકલી તેમના બેંક ખાતામાંથી રૂ.૪૬,૦૦૦ ટ્રાન્સફર કરી ઓનલાઈન છેતરપિં ડી કરી હતી. આ બનાવ અંગે માતર પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.માતર તાલુકાના ત્રાજ ગામમાં રહેતા સતિષભાઈ રઘુનાથ પરમાર છેલ્લા ૧૫ વર્ષથી હોમગાર્ડમાં નોકરી કરે છે. ગત તા.૧૭-૧૦-૨૦૨૫ના રોજ તેઓ ઘરે હતા.

## ભારતના ઓફશોર ડેવલપમેન્ટમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ

# ગુજરાત રાજ્યમાં ખંભાતના દરિયામાં ગેસની શોધ થઈ

**પહેલાં નોર્થ ઈસ્ટમાં હઝારીગાંવ ફીલ્ડને મોનેટાઇઝ કરવામાં આવ્યું**

। પ્રતિનિધિ, ખંભા, તા.૨૮ ।

ભારતના ઓફશોર ડેવલપમેન્ટમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ મળી છે. જેમાં કેર્ન ઓઈલ એન્ડ ગેસે ખંભાતના દરિયામાં ગેસની શોધની જાહેરાત કરી છે, ત્યારે અંબે બ્લોક કેર્નનું બીજું ડિસ્કવર્ડ સ્મોલ ફીલ્ડ એસેટને મોનેટાઈઝ કરવામાં આવી રહ્યું છે. તેના પહેલાં નોર્થ ઈસ્ટમાં હઝારીગાંવ ફીલ્ડને મોનેટાઈઝ કરવામાં આવ્યું હતું. આ ગેસ ડિસ્કવરી ગુજરાતથી સંલગ્ન સમુદ્રી વિસ્તારમાં કેમ્બે બેસિનમાં થઈ છે.વેદાંતા ગ્રુપની કંપની અને ભારતની સૌથી મોટી પ્રાઈવેટ તેલ અને ગેસ એક્સપ્લોરેશન અને પ્રોડક્શન કંપની, કેર્ન ઓઈલ એન્ડ ગેસે વેસ્ટ કોસ્ટ પર આવેલા તેના એપ્રેઝલ વેલ અંબે-૨એ માં હાઈડ્રોકાર્બન (ગેસ) શોધની સૂચના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હાઈડ્રોકાર્બન્સ અને પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયને આપી છે. આ શોધ મુખ્ય ગેસ ફીલ્ડની નીચે આવેલા રિઝર્વોયરમાં, માયોસીન-તારકેશ્વર ફોર્મેશનની અંદર કરવામાં આવી છે.કેર્ન હાલમાં બ્લોકના ફીલ્ડ ડેવલપમેન્ટ પ્લાનની સંભાવનાઓનું મૂલ્યાંકન કરવા માટે વિસ્તૃ ત મૂલ્યાંકન કરી રહી છે. કંપની તેના ચાલુ ડ્રિલિંગ કેમ્પેઈન હેઠળ સતત બે વધારાના કૂવા ડ્રિલ કરવાની યોજના બનાવી રહી છે. આ ફીલ્ડમાં ઘરેલુ ગેસ ઉત્પ ાદન વધારવાની મજબૂત ક્ષમતા છે અને તે ભારતની એનર્જી આત્મનિર્ભરતામાં કેયર્નના યોગદાનને વધુ મજબૂત બનાવશે.કેર્ન તેની એક્સપ્લોરેશન અને ડેવલપ મેન્ટ વ્યૂહરચના હેઠળ ઈસ્ટ કોસ્ટ અને વેસ્ટ કોસ્ટ બંને વિસ્તારોમાં તેના ઓફશોર બ્લોક્સનો વિકાસ કરી રહી છે. આ શોધ ભારતની એનર્જી સિક્યોરિટીની દિશામાં કેર્નની પ્રતિબદ્ધતામાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. ડિસ્કવર્ડ સ્મોલ ફીલ્ડ એસેટ્સ કંપનીના ઉત્પાદનને વધારવા સાથે-સાથે શેલો વોટર ઓફશોર ફીલ્ડ્સના ફાસ્ટ-ટ્રેક ડેવલપમેન્ટ અને મોનેટાઈઝેશનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.


લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya